શ્રીમદ્ ભગવદ્ ગીતાની યથાવત્ ઉપદેશાત્મક વિવેચના

# બાલ ગીતા

ભાગ-૨

ધોરણ ૯ થી ૧૦ સુધી

## વિશ્વના બધા વિદ્યાર્થીઓ માટે

૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦

'યથાર્થ ગીતા'ના પ્રણેતા -
સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ




॥ યથાર્થ ગીતા ॥
માનવ માત્રનું એકમાત્ર ધર્મશાસ્ત્ર




બાળકો અને સર્વ વિદ્યાર્થીઓ ગીતાજ્ઞાનના અધિકારી

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

॥ ॐ શ્રી સદ્ગુરુ દેવાય નમઃ ॥

| ભાગ-૨ |
| --- |
| ધોરણ ૬ થી ૧૦ સુધી |

# બાલ ગીતા

## વિશ્વના બધા વિદ્યાર્થીઓ માટે

બાળકોમાં સંસ્કારવર્ધન હેતુ

**પૂજ્ય સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ**

દ્વારા તેમના શ્રીમુખે ઉચ્ચરિત ઉપદેશાત્મક અમૃતવાણીનું સંકલન

*** બાળકો તથા સર્વ વિદ્યાર્થીઓ ગીતાજ્ઞાનના અધિકારી ***

ॐ

**પ્રકાશક**

**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

ન્યૂ એપોલો સ્ટે, ગાળા નં. ૫, મોગરા લેન (રેલવે સબવે પાસે),

અંધેરી (પૂર્વ), ભારત– ૪૦૦ ૦૬૯

**પ્રકાશક**
**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**
ન્યૂ એપોલો સ્ટે, ગાળા નં. ૫, મોગરા લેન (રેલવે સબવે પાસે),
અંધેરી (પૂર્વ), ભારત– ૪૦૦ ૦૬૯
ફોનઃ ૦૨૨ – ૨૮૨૫૫૩૦૦
ઈમેઈલ : contact@yatharthgeeta.com
વેબસાઈટ : www.yatharthgeeta.com

© પ્રકાશક શ્રી પરમહંસ સ્વામી અડગડાનન્દજી મહારાજ

આવૃત્તિ – સન ઓગસ્ટ ૨૦૧૦ થી સન જૂન ૨૦૧૧–૧૫૦૦૦ નકલ
સન જાન્યુઆરી ૨૦૨૦ –૧૦૦૦૦ નકલ

મૂલ્ય રૂ. 50 ફક્ત

**મુદ્રકઃ**
જેક પ્રિન્ટર્સ પ્રા. લિ.,
જેક કમ્પાઉન્ડ, દાદોજી કોંડદેવ ક્રોસ લેન,
ભાયખલા (પૂર્વ), મુંબઈ– ૪૦૦ ૦૨૭, ભારત
ફોનઃ ૦૨૨ – ૬૭૩૪૩૧૩૧
વેબસાઈટ : www.jakprinters.com

ISBN: 81-89308-78-5

The illustrations and contents of this book have been complied to the best of our knowledge for the benefit of the general public. We have no intention to hurt any individual, institutions or religious belief at all. We do not take any responsibility for the above morally or legally.

All right reserved around the world. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted in any form, electronic, mechanical or otherwise, without the prior permission of the publishers.

# પ્રકાશકીય નિવેદન

શ્રી ગુરુ પૂર્ણિમા પર્વ, વર્ષ ૧૯૮૩માં ઈશ્વરીય પ્રેરણાથી પ્રકાશિત ''યથાર્થ ગીતા''ને ભારત જ નહીં, સમગ્ર વિશ્વ, સન્માનસહ સ્વીકારી રહ્યું છે. કરોડો લોકો આ યથાર્થ જ્ઞાન દ્વારા પ્રેરણા મેળવી રહ્યા છે. આથી જ શિક્ષકગણ, વાલીઓ તથા ભાવિકોના આગ્રહને વશ થઈને પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી વિદ્યાર્થીઓ માટે ગીતા–જ્ઞાનની આ પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે, જે ભારતના જ નહીં, પણ સમગ્ર વિશ્વના ભાવિ નાગરિકોને સંબોધિત છે.

ખરેખર તો ''ગીતા''માં ઉપયોગમાં લેવાયેલા શબ્દો યોગિક શબ્દો છે. તેઓ વિશિષ્ટ અર્થ ધરાવે છે. વળી તેનું વિશેષ આકર્ષણ પણ છે. તેમને બદલી ન શકાય, પરંતુ તેમને સરળ બનાવીને, સમજવાનું આસાન બનાવીને પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે બધાં જ માતા–પિતા, વાલીઓ તથા શિક્ષકો, પોતાનાં બાળકો તેમજ વિદ્યાર્થીઓને ઈશ્વરીય ગીત ''ગીતા''નો પરિચય આપશે, તેમના પ્રશ્નો અને જિજ્ઞાસાઓનું નિરાકરણ કરશે, જેથી તેમનામાં શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન થશે. એમના પુણ્ય–પુરુષાર્થમાં વૃદ્ધિ થશે તથા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં તેઓ સફળતા પ્રાપ્ત કરી શકશે.

આપ સહુ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, આ પુસ્તિકા તથા ''યથાર્થ ગીતા'' દરેક ઘરમાં, શાળામાં, પુસ્તકાલયમાં તથા પ્રત્યેક વિદ્યાર્થીના દફ્તરમાં રહેવી જોઈએ. ખરેખર તો તમામ રૂઢિઓ, અંધવિશ્વાસો તથા પૂર્વગ્રહોથી મુક્ત બાળકો જ ગીતાજ્ઞાન માટે સાચી યોગ્યતા ધરાવે છે.

**એટલા માટે જ આપ સહુ નિયમ બનાવો કે બધા વિદ્યાર્થીઓ –**

- રોજ સવારે યા સાંજે ''યથાર્થ ગીતા''ના ચાર શ્લોકો અર્થ સહિત સૂરબદ્ધ વાંચે.
- દર સપ્તાહે એક શ્લોક કંઠસ્થ કરે.
- દર સપ્તાહે એક ''ગીતા અભ્યાસ પુસ્તિકા''માં ત્રણ શ્લોકો પોતાના અક્ષરોમાં લખીને લાવે.
- દર સપ્તાહે એક કલાકનું ''જ્ઞાન–ગોષ્ઠીનું આયોજન કરીને ''યથાર્થ ગીતા''ના શ્લોકોના અર્થ સહિત સામૂહિક સૂરબદ્ધ પઠન અને તેના પર ચર્ચા કરે. શિક્ષકો તથા વાલીઓ તેમની જિજ્ઞાસાઓનું નિરાકરણ કરે.

આ પુસ્તિકાનું બાળકોના જન્મદિવસોએ, મંગળ પ્રસંગોએ તથા શાળાઓમાં છુટ્ટા હાથે વિતરણ કરો. એથી બાળકોમાં સંસ્કાર–વૃદ્ધિ તો થશે જ, વળી એ સાથે આપનું પણ કલ્યાણ થશે.

સર્વ બાળકો તથા વિદ્યાર્થીઓને પ્રકાશક તરફથી શુભેચ્છાઓ...

**–પ્રકાશક**

# સંબોધન

## વિશ્વનું આદિ ધર્મશાસ્ત્ર - શ્રીમદ્ ભગવદ્ગીતા

પ્રિય બાળકો !

તમે જાણવા ઈચ્છતા હશો કે ''ગીતા''નું પ્રાગટ્ય ક્યાં થયું? સંપૂર્ણ વિશ્વમાં એકસમાન શાંતિ, સમૃદ્ધિ, સંપ્રદાયવિહિન તથા ભેદભાવરહિત ભ્રાતૃત્વ, સ્નેહ–સન્માન અને મોક્ષ અપાવતી ''ગીતા''નો ઉદ્ભવ ભારતમાં થયો છે.

સૃષ્ટિની શરૂઆતથી કરોડો વર્ષ પહેલાં, હિમાલયની તપોભૂમિમાં ભગવાન નારાયણે સર્વપ્રથમ વાર ''ગીતા''નો ઉપદેશ સૂર્યને આપ્યો હતો. ત્યારબાદ, સૂર્ય પાસેથી મહારાજ મનુને એ જ્ઞાન મળ્યું. મહારાજ મનુએ ગીતા–જ્ઞાન ઈક્ષ્વાકુને આપ્યું અને ઈક્ષ્વાકુ પાસેથી રાજર્ષિઆએ એ ગીતા–જ્ઞાન પ્રાપ્ત કર્યું. એ મહત્ત્વપૂર્ણ સમય પછી, આ અવિનાશી યોગ આ જગતમાં વિસરાવા લાગ્યો હતો. જો કે, અવિનાશીનો ક્યારેય વિનાશ નથી થતો, તેમ છતાં, સ્મૃતિઓ ઝાંખી પડી ગઈ હતી. આગળ જતાં એ જ ગીતા–જ્ઞાન ભગવાન શ્રીકૃષ્ણે, દ્વાપર યુગમાં મહાભારતની કથામાં વર્ણવાયેલા કુરુક્ષેત્રના સમરાંગણમાં પોતાના મિત્ર–સખા–શિષ્ય, એવા અર્જુનને આપ્યું હતું.

બાળકો ! ઘણા લાંબા સમય પછી એ જ આદિ અથવા પ્રાચીનતમ શાસ્ત્ર ''ગીતા'' આજે તેના મૂળ અર્થઘટન સાથે તમારી સામે અકબંધ પ્રસ્તુત થઈ રહ્યું છે, જે તમારા હાથમાં છે. આ અનુપમ, દુર્લભ શાસ્ત્રનું જન્મસ્થાન ભારત જ છે, એટલે જ તો ''ગીતા'' ભારતનો રાષ્ટ્રીય ગ્રંથ કહેવાય છે અને વિશ્વના પ્રત્યેક માનવીને ઉદ્દેશીને રચાયેલો હોવાને કારણે, એ એક આંતરરાષ્ટ્રીય ગ્રંથ પણ છે.

આથી જ અનાદિકાળથી એ એક પરમપિતા પરમાત્માનું દર્શન અને તેમના દેવત્વને ધારણ કરવાનાં વિધિ–વિધાનો ધરાવતી ''શ્રીમદ્ ભગવદ્ ગીતા'' જ વિશ્વનું આદિ ધર્મશાસ્ત્ર છે. એ પરમાત્માના શ્રીમુખેથી ઉદ્બોધિત વાણીનું સીધેસીધું પ્રસારણ છે.

ગીતા એટલે જ – સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાની સાધના!

**– સ્વામીશ્રી અડગડાનંદજી મહારાજ**

# અનુક્રમણિકા


પૃષ્ઠ સંખ્યા

૧. પ્રાર્થના ૧
૨ વંદના ૩
૩. આશીર્વચન ૪
૪. વિશ્વવિખ્યાત ગીતા વિષે વિદ્વાનોનાં મંતવ્યો ૬
૫. 'ગીતા' અને ભારતીય સ્વતંત્રતા આંદોલન ૯
૬. 'ગીતા' વિષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારો ૧૦
૭. જ્ઞાનામૃત ગીતાનું પ્રાગટ્ય–મહાભારત કથા ૧૧
૮. સત્ય સનાતન ઉદ્‌બોધન ૧૭
૯. વિશ્વનું આદિ ધર્મશાસ્ત્ર – શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૨૧
૧૦. ''ગીતા''ની યથાવત્ સુબોધ વ્યાખ્યા – યથાર્થ ગીતા ૨૪
૧૧. 'ગીતા' – મહિમા ગાન ૨૬
૧૨. ધર્મ, ધર્મશાસ્ત્ર અને ધર્મસિદ્ધાંત ૨૭
૧૩. વિદ્યાર્થીઓનાં કર્તવ્યો ૩૬
૧૪. સફળતા, સમૃદ્ધિ અને સાધનાનાં સૂત્રો ૩૮
૧૫. બ્રહ્મચર્યનું પાલન કરો ૪૧
૧૬. આત્મોન્નતિનાં સોનેરી સૂત્રો ૪૩
૧૭. ગુરુમહિમા તથા ગુરુ–શિષ્ય પરંપરા ૪૪
૧૮. ગૌરવશાળી ઐતિહાસિક ગ્રંથ ''મહાભારત'' ૪૫
૧૯. મહાભારત તથા ગીતાના શિક્ષાપ્રદ પ્રેરક પ્રસંગો
- ❑ ગીતાનો નિયમિત અભ્યાસ તથા શ્રવણ કરો ૪૯
- ❑ અભિમાન ન હોવું જોઈએ ૫૦
- ❑ બ્રહ્મચર્યમાં અસીમ શક્તિ છે ૫૨
- ❑ ધર્મ જ સફળતાની ચાવી છે ૫૪
- ❑ ભગવાનના શરણે સર્વ કંઈ પ્રાપ્ત થાય ૫૬

૨૦. ''યથાર્થ ગીતા''ના પ્રણેતા ૫૮


॥ ॐ ॥

# ॐનો મહિમા

ॐ નામના સાબુથી મનની મલિનતા જે દૂર કરશે!
નિર્મળ મનના મંદિરમાં ભગવાનનું દર્શન તે કરશે.

ॐના ઉચ્ચારણથી મનમાં શાતા વળે છે અને શક્તિ, સાહસ, સામર્થ્યનું સંચરણ થાય છે.

પરમદેવ પરમાત્માના સાંનિધ્યની અનુભૂતિ થાય છે.

- નિરાશા, અસફળતા અને વિપત્તિમાં ઈષ્ટનું ધ્યાન અને ॐ નો જાપ કરો.

* * *

# ગીતા-મહિમા

गीतायाः श्लोकपा ेन गोविन्दस्मृतिकीर्तनात्।
साधदर्शनमात्रेणं तीर्थकोटीफलं लभेत् ।।

ગીતાના શ્લોકનો પાઠ કરવાથી, ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ તથા ભજન (ॐ ના જપ) કરતા રહેવાથી અને સંતોના દર્શન થતાં જ કરોડો તીર્થોની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે.

**ॐ શાંતિઃ ! ॐ શાંતિઃ !! ॐ શાંતિઃ !!!**

॥ ૐ શ્રી પરમાત્મને નમ : ॥

# પ્રાર્થના


## હે પ્રભો । આનંદદાતા ॥



હે પ્રભો! આનંદદાતા!! જ્ઞાન હમકો દીજીયે ।
શીઘ્ર સારે દુર્ગુણોં કો દૂર હમસે કીજીયે ॥
લીજીયે હમકો શરણમેં, હમ સદાચારી બનેં ।
બ્રહ્મચારી, ધર્મરક્ષક, વીર, વ્રતધારી બનેં ॥
નિંદા કિસી કી, હમ કિસી કી, ભૂલ કર ભી ના કરેં ।
ઈર્ષ્યા કભી ભી હમ કિસી સે, ભૂલકર ભી ના કરેં ॥
સત્ય બોલેં, ઝૂઠ ત્યાગેં, મેલ આપસ મેં કરેં ।
દિવ્ય જીવન હો હમારા, યશ તેરા ગાયા કરેં ॥
માતૃભૂમિ, પિતુ–માતુ સેવા, હો અધિક પ્યારી હમેં ।
દેશ કી સેવા કરેં, નિજ દેશ હિતકારી બનેં ॥
કીજિયે હમ પર કૃપા, ઐસી હે પરમાત્મા ।
મોહ મદ મત્સર રહિત, હોવે હમારી આત્મા ॥
પ્રેમ સે હમ ગુરુજનોં કી નિત્ય હી સેવા કરેં ।
પ્રેમ સે પરમાત્મન્ ! હમ આપકા ચિંતન કરેં॥
યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા, હો અધિક પ્યારી હમેં ।
બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરકે, સર્વહિતકારી બનેં ॥



॥ ૐ ॥


ॐ

॥ ॐ શ્રી પરમાત્મને નમ : ॥

# વંદના

**त्वमेव माता च पिता त्वमेव,**
**त्वमेव बन्धश्च सखा त्वमेव ।**
**त्वमेव विद्या द्रविणं त्वमेव,**
**त्वमेव सव मम देव देव ।।**

અર્થ : હે ઈશ્વર, તમે જ મારી માતા છો, તમે જ મારા પિતા છો, તમે જ મારા ભાઈ છો, તમે જ મારા મિત્ર છો, તમે જ મારે માટે વિદ્યા-સ્વરૂપ છો, તમે જ મારી શક્તિ (સામર્થ્ય) છો. હે દેવોના દેવ ! સદ્‌ગુરુ દેવ! તમે જ મારું સર્વસ્વ છો!

**गरुर्ब्र ा गरुर्विष्ण गरुर्देवो महेश्वरः ।**
**गरुर्साक्षात् परब्र तस्मै श्री गरवे नमः ।।**


અર્થ : ગુરુ જ બ્રહ્મ છે, (સૃષ્ટિના સર્જનહાર) ગુરુ જ વિષ્ણુ છે (સૃષ્ટિના અણુ-અણુ, કણ-કણમાં વ્યાપ્ત છે.) ગુરુ જ મહેશ્વર છે (મહાન ઈશ્વર-પરમાત્મા છે) તથા ગુરુ જ સાક્ષાત્ સાકાર બ્રહ્મસ્વરૂપ છે. અર્થાત્ એ સર્વની પ્રાપ્તિનું સાધન-માધ્યમ (જાગૃતિ) સદ્‌ગુરુ મારફત જ થાય છે. એ ગુરુદેવને પ્રણામ કરું છું.

**ध्यानमूलं गरोर्मूर्तिः पूजामूलं गरोर्पदम् ।**
**मंत्रमूलं गरोर्वाक्यं मोक्षमूलं गरोर्कृपा ।।**

અર્થ : ગુરુદેવના સ્વરૂપનું ધ્યાન, ગુરુદેવના શ્રી ચરણોની પૂજા, ગુરુદેવના શ્રીમુખેથી ઉચ્ચરિત વાણી જ મંત્ર છે તથા ગુરુદેવની કૃપા જ મોક્ષનો આધાર છે.

# આશીર્વચન

**પ્રિય વિદ્યાર્થીમિત્રો !**



તમારા સહુનાં જીવનનો આ સૌથી મહત્ત્વપૂર્ણ તથા ઐતિહાસિક સમય છે કે તમે ''ગીતા'' વિશે જાણકારી મેળવી રહ્યા છો. ''ગીતા'' જ્ઞાનનો સાગર છે, અને ઈશ્વરીય ગાયનનું પ્રાચીનતમ શાસ્ત્ર છે. સૃષ્ટિના પ્રારંભમાં પ્રસારિત ગીતાજ્ઞાન વિશ્વની માનવ સભ્યતાનો સૌથી પ્રારંભિક અને પ્રાચીનતમ અમૂલ્ય ખજાનો છે.

અનાદિકાળથી માનવીએ સત્યશોધકો (સત્યની શોધ કરી રહેલા અનુરાગીઓ) તથા જિજ્ઞાસુઓના સર્વ પ્રશ્નોનું ''ગીતા''દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું છે અને તે આજે પણ કરી રહી છે. તમારા મનમાં પણ પ્રશ્નો ઉદ્‌ભવતા હશે કે, આ સૃષ્ટિનું નિર્માણ કેવી રીતે થયું? એનો સર્જનહાર કોણ હશે! કયા હેતુસર મારો જન્મ થયો છે? પ્રાચીનતમ જીવ-જગત, બ્રહ્માંડ તથા અધ્યાત્મ-સંબંધી બધી જ જિજ્ઞાસાઓ અને પ્રશ્નોના ઉત્તરો 'ગીતા'માં છે.

આર્યાવર્ત ભારતમાંથી ઉદીયમાન થઈને સમગ્ર વિશ્વને પ્રકાશમાન કરનારી 'ગીતા' ભારતનું ગૌરવ છે. વિશ્વની પ્રથમ અને પ્રાચીન સમાજ વ્યવસ્થા, ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મએ સમગ્ર જગતને પ્રભાવિત તથા આકર્ષિત કર્યું છે; એટલે જ, ભારતને 'વિશ્વગુરુ' ગણવામાં આવે છે.

'ગીતા' વિશ્વ-દર્શન છે. સૃષ્ટિના પ્રારંભથી આ અવિનાશી યોગ, યોગેશ્વર શ્રી કૃષ્ણની વાણીને ૫૨૦૦ વર્ષ પહેલાં મહર્ષિ વ્યાસે લિપિબદ્ધ કરીને 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરી છે. એ ગીતાની જ ભેટ છે કે, 'સત્ય' કેવળ એક ઈશ્વર, આત્મા કે પરમાત્મા છે. હાલમાં, લગભગ ત્રણ-સાડાત્રણ હજાર વર્ષોથી પ્રચલિત વિશ્વના બધા મત, પંથ અને સંપ્રદાયોમાં ગીતાના જ એકેશ્વરવાદનું પ્રતિબિંબ મળે છે. વિશ્વના બધા મહાપુરુષો એક છે અને બધાએ એક ઈશ્વર તથા તેને પામવાના ધર્મ-સિદ્ધાંતો પોતપોતાના દેશ-કાળની ભાષાઓમાં સમજાવ્યા છે. કોઈપણ મહાપુરુષ સમાજમાં તીરાડ ઊભી કરતા નથી. હા, એ ચોક્કસ છે કે, મહાપુરુષની ઉપસ્થિતિ ન હોતાં, તેમના પછી સંગઠિત સમુદાય દ્વારા તીરાડ ઊભી કરવામાં આવે છે. હકીકતમાં, ઈશ્વર એક જ છે, એકથી બે ન હોઈ શકે. જો ઈશ્વર બે હોય તો, બીજી પણ સૃષ્ટિ હોવી જોઈએ.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, સૃષ્ટિના આરંભથી જ પ્રસારિત ગીતા એક સર્વકાલિક (સર્વ સમયે યોગ્ય), સાર્વલૌકિક (સમગ્ર સંસારમાં વ્યાપ્ત) અને સાર્વજનીન (સહુને માટે) યોગ્ય માનવ-શાસ્ત્ર છે. એ એક પરમાત્માને પામવાની અથવા ધારણ કરવાનાં વિધિ-વિધાનોની દૈવી વાણીનું સંકલન હોવાથી, તે માનવ-માત્રનું ધર્મશાસ્ત્ર છે. સૃષ્ટિના આદિ અથવા આરંભથી જ પ્રસારિત હોવાને કારણે, આ માણસમાત્રનું આદિ ધર્મશાસ્ત્ર છે.

સમયાંતરે, એટલે કે, સમય વિતતાં 'ગીતા'નો મૂળ આશય વિસરાઈ ગયો હતો. ૫૨૦૦ વર્ષ વિતી ગયાં પછી, યોગેશ્વર શ્રીકૃષ્ણના ઉપદેશને યથાવત્ (જેમનો તેમ) ''યથાર્થ ગીતા'' દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો છે. ''યથાર્થ ગીતા''ના પ્રચાર–પ્રસારથી ધર્મના તથા ધર્મના નામે ફેલાયેલી બદીઓ, ખોટા રીત–રિવાજો અને અંધવિશ્વાસોના ઉકેલોની રજૂઆત કરવાની સાથોસાથ ઈશ્વર–પ્રાપ્તિની સમગ્ર ક્રિયાપદ્ધતિને ફરીથી વર્ણવવામાં આવ્યું છે. 'યથાર્થ ગીતા'ના પ્રસારણથી ધર્મ અને ધર્મના નામે પ્રવર્તતા કુરીવાજો, રૂઢીઓ અને અંધવિશ્વાસોનું નિરાકરણ કરતાં કરતાં ઈશ્વરને પામવાની સમગ્ર સાધન–વિધિને ફરીથી પ્રકાશિત કરવામાં આવી છે. 'યથાર્થ ગીતા'ના દિવ્ય પ્રકાશમાં ફક્ત ભારત જ નહીં, પણ જગતભરની સઘળી સમસ્યાઓનું નિરાકણ પ્રસ્તુત છે. સંપૂર્ણ માહિતી માટે 'યથાર્થ ગીતા' ત્રણ–ચાર વાર અવશ્ય વાંચવી. 'યથાર્થ ગીતા' ભારત અને વિશ્વની બધી મુખ્ય મુખ્ય ભાષાઓમાં અનુવાદિત તથા ઉપલબ્ધ છે. આને તમે ઇન્ટરનેટ પર પણ જોઈ શકો છો.

પ્રિય વિદ્યાર્થી મિત્રો! ગીતામાં આપેલા સિદ્ધાંતોને અનુસરવાથી તથા તેનું ચિંતન–મનન કરવાથી તમે તમારા જીવનના સર્વ લક્ષ્યો સિદ્ધ કરી શકશો. ઉપયોગી શિક્ષણ, સારી આજીવિકા, સુખ–સમૃદ્ધિ, ઐશ્વર્ય તથા અલૌકિક સામર્થ્ય–શક્તિ આપ પ્રાપ્ત કરી શકશો તથા આત્માની ઉન્નતિના માર્ગે ક્રમશઃ પ્રગતિ કરતાં કરતાં તમને મોક્ષની પ્રાપ્તિ પણ થઈ જાશે. તમારું સહુ બાળકોનું આશ્રમમાં સ્વાગત છે. વિશ્વના, તમે સહુ, ભાવિ નાગરિકોની સામે પડકાર છે કે તેમણે ''યથાર્થ ગીતા'' દ્વારા વિશ્વશાંતિ તથા ''વસુધૈવ કુટુમ્બકમ્''ની ભાવનાને સાકાર કરવી.

તમારા સહુનું જીવન મંગળમય બની રહો, એ જ અભ્યર્થના....


**– સ્વામી શ્રી અડગડાનંજી**
શ્રી ગુરુ પૂર્ણિમા, ૧૮ જુલાઈ ૨૦૦૮
શ્રી પરમહંસ આશ્રમ, ગામ–પોસ્ટ : શક્તેષગઢ
ચુનાર – મિર્ઝાપુર (ઉ. પ્ર.)

# વિશ્વવિશ્રુત ગીતા

**પ્રિય વિદ્યાર્થીઓ !**

ગીતા વિશે અધિક જાણકારી મેળવતાં પહેલાં આવો આપણે આ વિશ્વવિખ્યાત દિવ્ય જ્ઞાન વિશે વિદ્વાનોના વિચારો જાણી લઈએ.

ભારતીય ધર્મ, દર્શન, સંસ્કૃતિ તથા ''ગીતા'' વિશે
વિશ્વના સંતો, તત્ત્વજ્ઞાનીઓ તથા ઈતિહાસકારોના વિચારો.



- ભગવદ્‌ગીતા વિશ્વની સૌથી સુંદર અને મહાન જ્ઞાનની દાર્શનિક રચના છે.

**– ડબલ્યુ. વાન હમ્બોલ્ડ (જર્મન વિદ્વાન)**

- પૂર્વીય વિશ્વની બધી જ યાદગાર બાબતોમાં ''ભગવદ્‌ગીતા'' કરતાં અન્ય કોઈ વસ્તુ શ્રેષ્ઠ નથી. ''ગીતા''ની સાથે સરખામણી કરતાં વિશ્વનું આધુનિક તથા સઘળું જ્ઞાન મને તુચ્છ જણાય છે. હું દરરોજ સવારે મારા હૃદય તથા બુદ્ધિને ગીતા–જ્ઞાનના પવિત્ર જળથી ધોયા કરતો હોઉં છું.




- પ્રાચીન યુગની સર્વોત્તમ વસ્તુઓમાં ''ગીતા'' કરતાં બીજી કોઈપણ વસ્તુ શ્રેષ્ઠ નથી. ''ગીતા''માં એટલું ઉત્કૃષ્ટ તથા સર્વવ્યાપી જ્ઞાન સમાયેલું છે, જેની રચના થયાને અસંખ્ય વર્ષો વીતી ગયાં હોવા છતાં, આવો એકેય અન્ય ગ્રંથ લખવામાં નથી આવ્યો.

**– વિદ્વાન વિચારક થોર્યૂ (અમેરિકન તત્ત્વજ્ઞાની)**



- ''ગીતા'' વિશ્વની ઉત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાન ધરાવતી ભેટ છે. આ એક જ પુસ્તકે વિશ્વના સર્વ સંપ્રદાયોનું સારતત્ત્વ પ્રસ્તુત કરી દીધું છે.

**– અલબેરુની (અરબસ્તાનના મનીષી)**




- આપણે ભારતીય તત્ત્વજ્ઞાન અને જ્ઞાનના હમેશાં ઋણી રહીશું. ભારતે જ આપણને ગણતરી કરતાં શીખવાડ્યું અને શૂન્ય (ઝીરો) વિશે જાણકારી પણ આપી છે, જેના વિના કોઈપણ વૈજ્ઞાનિક શોધ ન થઈ શકી હોત.

**– આલ્બર્ટ આઈન્સ્ટાઇન (અમેરિકન વૈજ્ઞાનિક)**

- ધર્મના ક્ષેત્રમાં સર્વ કોઈ નિર્ધન જ છે, જ્યારે ભારત આ સર્વમાં મોખરે છે.

**– માર્ક ટ્વેન (અમેરિકન વિદ્વાન)**





- ભારત આપણા માનવસ્રોતની માતૃભૂમિ છે અને સંસ્કૃત, યુરોપની સર્વ ભાષાઓની માતા છે. વળી એ આપણા તત્ત્વજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, સ્વરાજ્ય અને લોકશાહીની જન્મદાત્રી છે. એ રીતે ભારતમાતા (મધર ઈન્ડિયા) ઘણી રીતે આપણા સર્વની માતા છે.

**– વિલ ડુરાન્ટ (અમેરિકન ઈતિહાસકાર)**

- જો મને પૂછવામાં આવે કે આ પૃથ્વી પર પૂર્ણ વિકસતિ માનવ જ્ઞાન ક્યાં છે? જીવનનાં સઘળા ગૂઢ પ્રશ્નો પર ગહન ચિંતન કરીને તેનો ઉકેલ કોણે શોધ્યો છે? તો હું ભારતનું નામ લઈશ.

**– મૅક્સ મૂલર (જર્મન તત્ત્વજ્ઞ)**





- જે કોઈ વ્યક્તિએ ''ગીતા''નું સ્હેજેય અધ્યયન કર્યું હોય, તે આ સંસારનાં બંધનોથી મુક્ત થઈને અનંત શાશ્વત આનંદ–પ્રાપ્તિ મેળવી શકે છે.

**– જગદ્‌ગરુ આદિ શંકરાચાર્ય**

- મેં યુરોપ તથા એશિયાના બધા ધર્મોનો અભ્યાસ કર્યો છે. પરંતુ મને તે સર્વમાં હિંદુ ધર્મ જ સર્વશ્રેષ્ઠ હોવાનું જણાયું છે. મને ખાતરી છે કે, સમગ્ર વિશ્વએ તેની સમક્ષ નતમસ્તક થવું જ પડશે.

**– રોમાં રોલાં (ફ્રેન્ચ વિદ્વાન)**





- ''ગીતા'' એવું પુષ્પગુચ્છ છે, જેમાં વેદો અને ઉપનિષદોનાં સર્વ આધ્યાત્મિક જ્ઞાન–પુષ્પો સજેલાં છે.

**– સ્વામી વિવેકાનન્દ (ભારત)**

- "The most beautiful, perhaps the only true philosophical song existing in any known tongue."

  **- Wilhelm Von Humboldt**

- "In the morning I bathe my intellect in the stupendous and cosmogonal philosophy of the Bhagavad Gita, since whose composition years of the gods have elapsed and in comparison with which our modern world and its literature seems puny and trivial."

  **- Henry david Thoreau**

- "I owed a magnificent day to the Bhagavat-Gita. It was the first of books; it was as if an empire spake to us, nothing small or unworthy, but large, serene, consistent, the voice of an old intelligence which in another age and climate had pondered and thus disposed of the same questions that exercise us."

  **- Ralph Waldo Emerson**

- "India was the motherland of our race, and Sanskrit the mother of Europe's languages: she was the mother of our philosophy; mother, through the Arabs, of much of our mathematics; mother, through the Buddha, of the ideals embodied in Christianity; mother, through the village community, of self-government and democracy. Mother India is in many ways the mother of us all."

  **- Will Durant ( American Historian)**

- "We owe a lot to the Indians, who taught us how to count, without which no worthwhile scientific discovery could have been made!"

  **- Albert Einstein ( American Scientist)**

- "If I were asked under what sky the human mind has most fully developed some of its choicest gifts, has most deeply pondered over the greatest problems of life, and has found solutions of some of them which well deserve the attention even of those who have studied Plato and Kant, I should point to India.''

  **- Max Mueller ( German Scholar)**

- "If there is one place on the face of earth where all the dreams of living men have found a home from the very earliest days when man began the dream of existence, it is India."

  **- Romain Rolland (French Nobel Laureate)**

- "So far as I am able to judge, nothing has been left undone, either by man or nature, to make India the most extraordinary country that the sun visits on his rounds. Nothing seems to have been forgotten, nothing overlooked."

  **- Mark Twain**

પ્રિય બાળકો ! તમે જોયું કે, વિશ્વપ્રસિદ્ધ ‘‘ગીતા’’, જ્ઞાનનો અગાધ સાગર છે અને પ્રાચીન કાળથી લઈને આજ સુધીની તમામ માનવ પેઢીઓ ‘‘ગીતા’’ થી પ્રભાવિત થઈ છે, અને તેમણે માર્ગદર્શન મેળવ્યું છે. તમે સહુ ભાગ્યશાળી છો કે, આ ગૌરવ–ગ્રંથ ‘‘ગીતા’’નો પરિચય મેળવી રહ્યા છો.

* * *

# ગીતા અને ભારતીય સ્વતંત્રતા આંદોલન

પ્રિય બાળકો !

ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓનો પ્રેરણા-સ્રોત, પણ ''ગીતા'' જ રહી હતી. લોકમાન્ય બાળ ગંગાધર ટિળક, લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, વગેરે સહુ ''ગીતા''થી પ્રેરિત હતા. મંગળ પાંડે, ખુદીરામ બોઝ, સરદાર ભગતસિંહ, રામપ્રસાદ બિસ્મીલ, સુખદેવ, રાજગુરુ વગેરે દેશભક્તો ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યા હતા. અંતિમ ઘડીઓમાં, એ સર્વના હાથોમાં ''ગીતા'' હતી અને જીભ પર રટણ હતું,



લોક માન્ય બાલ ગંગાધર તિલક



સુભાષચંદ્ર બોઝ



ચંદ્રશેખર આઝાદ



લાલા લજપતરાય

वासांसि जीर्णानि यथा विहाय,
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा
यन्यानि संयाति नवानि देही ।।

**नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहती पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ।।**

**अच्छेद्योऽ यमाह्योऽ यमक्लेद्योऽशोष्य एव च।**
**नित्यः सर्वगतः स्थाणुरचलाऽयं सनातनः ।।**

**(गीता, २/२२-२४)**

અર્થાત્ અમારું શરીર એક વસ્ત્રસમાન છે. વસ્ત્રો બદલીને અમે પાછા ફરીશું અને લડીશું. તમે અમારા આત્માની હત્યા નહીં કરી શકો. આત્માને શસ્ત્ર વગેરેથી કાપી શકાતો નથી; અગ્નિ, જળ કે વાયુ ક્રમશઃ એને ન તો બાળી શકે છે, ન ભીંજવી શકે છે કે ન સૂકવી શકે છે. આ આત્મા સર્વવ્યાપક, અચળ, સ્થિર રહેનાર તથા સનાતન છે.

* * *



# 'ગીતા' વિષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારો

● ''ગીતા''નો આશરો લઈને ગાંધીજીએ ભારતને સ્વતંત્રતા અપાવી અને રાષ્ટ્રપિતાનું બિરુદ પ્રાપ્ત કર્યું. જ્યારે જ્યારે જીવનમાં તેઓ હતાશા–નિરાશા અનુભવતા, ત્યારે ત્યારે ''ગીતા''નો આશરો લઈને તેઓ ફરીથી આશા તથા શક્તિ પ્રાપ્ત કરીને સ્વસ્થ થઈ જતા હતા.

● ''ગીતા'' મારી જનની છે. ''ગીતા'' મારે માટે કેવળ બાઈબલ અથવા કુરાન જ નથી, પણ એ મારી પ્રત્યક્ષ માતા જ છે. એ તો જગત્ જનની છે, જે સર્વને તૃપ્ત કરે છે.

● હું ઈચ્છું છે કે, ''ગીતા'' કેવળ રાષ્ટ્રીય શાળાઓમાં જ નહીં, પરંતુ, પ્રત્યેક શિક્ષણ સંસ્થાઓમાં ભણાવવામાં આવે. એક હિંદુ બાળક અથવા બાળિકાને ''ગીતા'' વિશે જાણકારી ન હોય, એ તો શરમજનક લેખાય. એ સાચું છે કે, ''ગીતા'' વિશ્વધર્મનું એક પુસ્તક છે.

* * *





॥ ૐ શ્રી પરમાત્મને નમ : ॥

# જ્ઞાનામૃત 'ગીતા'નો ઉદ્‌ભવ



પ્રિય વિદ્યાર્થીઓ !



લગભગ ૫૨૦૦ વર્ષ પહેલાં મહર્ષિ વેદવ્યાસ દ્વારા સંસ્કૃતમાં રચાયેલ "મહાભારત" વિશ્વનો મહાનતમ ઐતિહાસિક ગ્રંથ છે, જેનું કેવળ ભારતની જ નહીં, પણ વિશ્વની બધી પ્રચલિત ભાષાઓમાં ભાષાંતર થયું છે. એક લાખ શ્લોકો ધરાવતા "મહાભારત"ના છઠ્ઠા અધ્યાય, "ભીષ્મપર્વ"માં ભગવાન શ્રીકૃષ્ણની વાણીને મહર્ષિ વેદવ્યાસે અલગથી "શ્રીમદ્ ભગવદ્ ગીતા"ના રૂપે સંકલિત કરી છે.

આવો ! મહાભારત અને તેના મહાનાયક, તથા જેમણે માનવજાતને ગીતા–જ્ઞાનનું દાન આપ્યું છે તેવા ભગવાન શ્રી કૃષ્ણ વિશે જાણી લઈએ.

## ॥ મહાભારત કથા ॥

પ્રાચીન કાળમાં યયાતિ નામનો એક મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાણીઓ હતી –દેવયાની અને શર્મિષ્ઠા. દેવયાનીને બે પુત્રો હતા – યદુ અને તુર્વસુ. યદુના નામ પરથી યદુવંશી રાજાઓની વંશપરંપરા શરૂ થઈ હતી. શ્રી કૃષ્ણ પણ આ જ વંશમાં જન્મ્યા હતા.

બીજી રાણી શર્મિષ્ઠાના ત્રણ પુત્રોમાંથી સૌથી નાનો પુરુ નામનો રાજકુમાર ઘણો જ બુદ્ધિમાન અને મહાન પરાક્રમી હતો. યયાતિએ એને જ પોતાની ગાદીનો વારસ બનાવ્યો હતો. આ જ ચંદ્રવંશના રાજા દુષ્યંતના પુત્ર "ભરત"ના નામ પરથી આપણા દેશનું નામ 'ભારત' પડ્યું છે. રાજા ભરતના વંશમાં રાજા હસ્તિન




થઈ ગયા. તેમણે દિલ્હી નજીક હસ્તિનાપુર નામનું નગર વસાવ્યું. આ વંશમાં કુરુ નામના રાજા થયા, જેમના વંશજો ‘‘કૌરવ’’ કહેવાયા.

આજથી લગભગ ૫૪૦૦ વર્ષ પહેલાં હસ્તિનાપુરના એ વિશાળ સામ્રાજય પર કૌરવ વંશના રાજા શાન્તનુ રાજ કરતા હતા. તેમને બે રાણીઓ હતી. પહેલી રાણી ગંગાદેવીના પુત્રનું નામ દેવવ્રત હતું, જેઓ ભીષ્મના નામે ઓળખાય છે. બીજી રાણી, દાસરાજની કન્યા મત્સ્યોદરી હતી, વિવાહ પછી ‘સત્યવતી’ તરીકે ઓળખાતી હતી. આ લગ્ન ભીષ્મની એ પ્રતિજ્ઞા પછી થયાં હતાં કે, ‘‘હું આજીવન બ્રહ્મચારી રહીશ.’’ જેથી રાણી સત્યવતીનો પુત્ર જ ઉત્તરાધિકારી બને. આ પ્રતિજ્ઞાને કારણે જ તેઓ ભીષ્મ કહેવાયા. આજીવન બ્રહ્મચારી રહીને તેઓ કૌરવ વંશની રક્ષા કરતા રહ્યા.

રાણી સત્યવતીને બે પુત્રો થયા – ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. ચિત્રાંગદ નિઃસંતાન મૃત્યુ પામ્યા પછી ભીષ્મે વિચિત્રવીર્યને રાજગાદી પર બેસાડ્યા અને તેમનાં લગ્ન કાશીના રાજાની બે રાજકુંવરીઓ – અંબિકા અને અમ્બાલિકા સાથે કરાવ્યાં. મહર્ષિ વેદ વ્યાસના આશીર્વાદથી અંબિકાને ધૃતરાષ્ટ્ર તથા અંબાલિકાને પાંડુ નામના પુત્રો જન્મ્યા. અંબાલિકાની એક દાસીએ પણ એક પુત્રને જન્મ આપ્યો, જેનું નામ વિદુર હતું.

ધૃતરાષ્ટ્રનાં લગ્ન ગાંધાર દેશની રાજકુમારી ગાંધારી સાથે થયાં. પાંડુનાં લગ્ન કુંતીભોજની રાજકુમારી કુંતી તથા મદ્ર દેશની રાજકુંવરી માદ્રી સાથે થયાં હતાં. ધૃતરાષ્ટ્ર જન્મથી જ આંધળા હતા, એટલે ભીષ્મ પિતામહે પાંડુને રાજગાદી પર બેસાડ્યા અને વિદ્વાન વિદુરને મંત્રી બનાવ્યા.





ગાંધારીને દુર્યોધન, દુઃશાસન, દુઃસહ, વગેરે સો પુત્રો તથા દુઃશલા નામની એક પુત્રી જન્મ્યાં હતાં. એ સર્વ ભાઈભાંડુઓ 'કૌરવો' તરીકે જાણીતા થયા.

કુંતીએ ત્રણ પુત્રો – યુધિષ્ઠિર, ભીમ તથા અર્જુન અને માદ્રીએ બે પુત્રો – નકુળ અને સહદેવને જન્મ આપ્યો. એ પાંચેય રાજકુમારો પાંડુના પુત્રો હોવાથી તેઓ 'પાંડવ' કહેવાયા. પાંડવો શૂરવીર, પરાક્રમી અને ચારિત્ર્યવાન હતા. બધા કૌરવો તથા પાંડવો ગુરુ કૃપાચાર્ય પાસે એક સાથે અભ્યાસ કરતા હતા. તે પછી, ભીષ્મના આગ્રહથી ગુરુ દ્રોણાચાર્યે સર્વ રાજકુમારોને ધનુર્વીદ્યા શીખવી હતી. બધા રાજકુમારોમાંથી અર્જુન તીરંદાજીમાં અને ભીમ તથા દુર્યોધન ગદાયુદ્ધ કુશળ હતા.

કેટલાંક વર્ષો રાજ્ય ચલાવ્યા પછી, મહારાજા પાંડુનું મૃત્યુ થયું. હવે, ખરેખર જોતાં, પાંડવો રાજસિંહાસનના સાચા ઉત્તરાધિકારી હતા, પરંતુ, દુર્યોધનને એ વાત ગમતી નહોતી. પોતાના પુત્રના મોહમાં અંધ બનેલા ધૃતરાષ્ટ્રની પણ એવી જ ઈચ્છા હતી કે, રાજ્ય તો તેના દીકરા દુર્યોધનને જ મળવું જોઈએ.

આ રીતે ધૃતરાષ્ટ્રના બધા પુત્રો, એટલે કે, કૌરવો, તેમના પિતરાઈ ભાઈઓ, પાંડવોની ઈર્ષા કરતા હતા અને તેમને માટે જાત-જાતની મુશ્કેલીઓ ઊભી કરવા લાગ્યા. તેઓએ ભીમને ઝેર પણ આપ્યું. લાક્ષાગૃહ બંધાવીને તેમાં કુંતી સહિત પાંચે પાંડવોને સળગાવી મારવાનો પ્રયત્ન કર્યો. વેરભાવ વકરતો ગયો. અંતે પિતામહ ભીષ્મે સમજાવીને કુરુ રાજ્યના બે ભાગલા પાડ્યા. કૌરવો હસ્તિનાપુરના શાસક બન્યા. અને પાંડવોને એક અલગ રાજ્ય આપી દીધું, જે ઈન્દ્રપ્રસ્થના નામે જાણીતું થયું. આ રીતે થોડો વખત શાંતિ રહી.

થોડાં વર્ષો પછી દુર્યોધનનું નિમંત્રણ પામીને ચોપાટ રમવા ગયેલા યુધિષ્ઠિરને લુચ્ચા અને કપટી શકુનીએ હરાવ્યા, જેના પરિણામે પાંડવોનું રાજપાટ છીનવાઈ ગયું અને તેમને બાર વર્ષનો વનવાસ તથા એક વર્ષનો અજ્ઞાતવાસ ભોગવવો પડ્યો હતો. બધી શરતોનું પાલન કર્યા પછી, લાલચુ દુર્યોધને પાંડવોને તેમનું રાજ્ય પાછું આપવાનો અસ્વીકાર કર્યો. પાંડવોના વનવાસ દરમિયાન એણે ચતુરંગી સૈન્ય એકત્ર કર્યું જેથી તેનું અભિમાન વધી ગયું હતું.

બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાના અંતિમ પ્રયાસરૂપે યોગેશ્વર શ્રી કૃષ્ણ શાંતિ જાળવવાનો પ્રસ્તાવ લઈને મહારાજા ધૃતરાષ્ટ્ર પાસે ગયા. પરંતુ ગર્વથી ચૂર દુર્યોધને, શાંતિની વાત માનવાને બદલે, 'સોયની અણી જેટલીય જમીન' આપવાની ઘસીને ના પાડી દીધી. અંતે મહાભારતની લડાઈ થઈ.

એ લડાઈમાં દુર્યોધન સહિત બધા જ કૌરવો મરણ પામ્યા. પાંડવોને જીત મળી. બાણની પથારી ઉપર સૂતેલા પિતામહ ભિષ્મના આશીર્વાદ મેળવીને પાંડવોએ ધર્મ-રાજ્યની સ્થાપના કરી.





બાળમિત્રો! ધૃતરાષ્ટ્ર આમ તો અંધ હતા, તેમ છતાં, તેમના રથના સારથિ, સંજયે તેમને મહાભારતના યુદ્ધનો આંખે દેખ્યો અહેવાલ નિરંતર કહી સંભળાવ્યો હતો. મહર્ષિ વેદ વ્યાસના આશીર્વાદથી મળેલી દિવ્યદૃષ્ટિને કારણે સંજય યુદ્ધનો આંખે દેખ્યો અહેવાલ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યો હતો, અને તેમને કહ્યું હતું, ''હે મહારાજ, આ યુદ્ધમાં વિજય તો પાંડવોને જ મળશે, કારણ કે, ભગવાન શ્રી કૃષ્ણ તેમની સાથે છે. મહારાજ, જ્યાં ભગવાન હોય અને તેમના અનન્ય ભક્ત હોય ત્યાં જ સમૃદ્ધિ, વિજય અને ઈશ્વરીય પ્રભાવ હોય છે.''

મહાભારતના યુદ્ધમાં, ભગવાન શ્રી કૃષ્ણે તેમના પ્રિય મિત્ર અને પ્રિય શિષ્ય જેવા અર્જુનના રથના સારથિ બનીને તેને સમૃદ્ધિ, વિજય, પ્રભાવકતા, સામ્રાજ્ય વગેરે સર્વ કાંઈ મેળવવામાં સહાય કરી.

ટૂંકમાં, આ જ મહાભારતની કથા છે, જે ભારતનો પ્રામાણિક ઈતિહાસ છે. આ પ્રકારે બનેલા પ્રસંગો મારફત અને તેનાં પાત્રોને પ્રતિકરૂપે રજૂ કરીને ભગવાન શ્રી કૃષ્ણે ગીતાના જ્ઞાનને પુનર્જીવિત કર્યું હતું, અને તેનો ઉપદેશ આપ્યો હતો.

મહાભારતની ઐતિહાસિક લડાઈ, ખરેખર તો, એક પ્રકારે સાંસારિક લડાઈ છે. જ્યારે 'ગીતા'નું યુદ્ધ આધ્યાત્મિક છે, જેમાં માણસમાં રહેલી સારી અને નરસી વૃત્તિઓ વચ્ચેના સંઘર્ષનું ચિત્રણ અથવા વર્ણન 'ગીતા'માં કરવામાં આવ્યું છે.

ભગવાન શ્રી કૃષ્ણ જાણતા જ હતા કે, આ સાંસારિક સંઘર્ષમાં વિજયી નીવડનાર પણ ખરેખર કંઈ જ મેળવી નહીં શકે અને તે હતોત્સાહિત તથા નિરાશ માણસ જ બની રહેશે. આ સંસાર અથવા દુનિયા, જન્મ અને મરણના સમય વચ્ચેનું એક આશ્રય–સ્થાન છે, જે નશ્વર અથવા નાશવાન છે. છેવટે તો, મૃત્યુ આવતાં, માણસે ખાલી હાથે જ આ દુનિયા છોડવાની હોય છે.

આ જ કારણસર ભગવાન શ્રી કૃષ્ણે આ ઘટનાક્રમના પાત્રોને પ્રતિક બનાવીને માણસની વાસ્તવિક લડાઈ (આત્મદર્શનની પદ્ધતિ) સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ આધ્યાત્મિક લડાઈમાં જીતેલો માણસ પોતાના પ્રકાશિત જ્યોત સમાન આત્માના સ્વરૂપ (સહજ સ્વરૂપ)ને પ્રાપ્ત કરીને સદંતર રહેનાર જીવન. સ્થાયી સમૃદ્ધિ અને શાશ્વત ધામ તથા સદાકાળ રહેનારી શાંતિ મેળવે છે. આ કાર્ય પ્રત્યેક વ્યક્તિ કરી શકે છે.

હકીકતમાં એક દિવ્યજ્યોતરૂપ ભગવાન જ સત્ય છે, શાશ્વત તથા સનાતન અથવા સદાકાળ રહેનાર છે. છેવટે, પ્રભુનો સાચો ભક્ત પણ એવી જ સ્થિતિ મેળવી શકે છે. એ ગમે ત્યાં જન્મ્યો હોય, કોઈપણ કુળ કે કુટુંબનો હોય, પણ જો તે સાચી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઈશ્વરનું ભજન કરવા લાગશે તો, ભગવાનના દૈવી આશીર્વાદનો હાથ સદાય તેના મસ્તક પર રહેશે અને તે પણ એવી જ આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે. હકીકતમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની આ જ નિયત વિધિ છે.

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

હવે તમે સૌ, મહાભારતના એ મહાનાયક ભગવાન શ્રી કૃષ્ણ વિશે જાણવા ઉત્સુક હશો.

## પરમાત્મા, ભગવાન, ઈષ્ટ, સદ્‌ગુરુ, યોગેશ્વર ..... શ્રી કૃષ્ણ

આ સર્વ નામોએથી પણ શ્રી કૃષ્ણને આપણે બોલાવી શકીએ છીએ, આ સર્વ તેમનાં જ વિશેષણો છે, જે આધ્યાત્મિક સાધના અથવા તપ પછી મળતી ઈશ્વરપ્રાપ્તિની સ્થિતિઓ છે. શ્રી કૃષ્ણ એક પૂર્ણ યોગી હતા. બાળપણમાં ગુરુ સાંદિપની ઋષિના શરણે જઈને, તેમની સેવા તથા તેમને ત્યાં શિક્ષણ–સાધના કરીને, કૃષ્ણે સર્વ વિદ્યાઓમાં નિપૂણતા મેળવી હતી. તે પછી મોટા થઈને યોગેશ્વર શ્રી કૃષ્ણ જીવનપર્યંત માનવોનું કલ્યાણ કરતા રહ્યા. યોગેશ્વર એ હોય છે, જે પૂર્ણ યોગી હોય, મહાપુરુષ અને સદ્‌ગુરુ હોય તથા આ સર્વ સદ્‌ગુણો તેમના પોતાના શિષ્યોમાં પણ ઊતરે તેવું કરવામાં તેઓ સમર્થ હોય. ભગવાન શ્રી કૃષ્ણે અનેક લીલાઓ, એટલે કે, અદ્‌ભૂત દૈવી કાર્યો કર્યાં છે, જેમાં સૌથી મુખ્ય છે, ગીતાજ્ઞાનનું તેમને મુખેથી પ્રવચન. સમગ્ર વિશ્વની માનવજાતને 'ગીતા'ના પ્રવચન, અથવા પ્રસારણ થકી 'ગીતા'નું કદી ન નાશ પામે તેવું અદ્‌ભૂત જ્ઞાન આપીને તેમણે માન વમાત્ર માટે ઈશ્વરને કઈ રીતે પ્રાપ્ત કરવો, તેની સૌથી સરળ અને સુલભ માર્ગ દર્શાવ્યો છે.

હકીકતમાં, યોગેશ્વર શ્રી કૃષ્ણે, ભ્રમિત થયેલા અર્જુનને 'ગીતા'નું અમર જ્ઞાન આપીને રણમેદાનમાં ઊતરવા પ્રેરિત કર્યો અને તેને શાશ્વત વિજય મેળવવામાં પણ સહાય કરી. જીવનના દૈનિક સંઘર્ષમાં જીત–હાર–જીતનો ક્રમ ચાલ્યા કરે છે, જ્યારે 'ગીતા'ના યુદ્ધ મારફત કેવળ જીત જ હાંસલ થાય છે, જેમાં પાછળથી ક્યારેય હારવાનું રહેતું નથી.

'ગીતા'નું જ્ઞાન સંપૂર્ણપણે સાધનાત્મક આધ્યાત્મિક શિક્ષણ છે, જે ગુરુ અને શિષ્યના સંવાદરૂપે પ્રકાશિત થયેલ છે. આમાં સદ્‌ગુરુ ભગવાન શ્રી કૃષ્ણ પોતે છે, અને તેમનો એક અન ન્ય ભક્ત સાધક છે, અર્જુન. આપણે સૌ પણ દૃઢ ભક્તિ દ્વારા અર્જુન જેવા બની શકીએ છીએ.

બાળમિત્રો, એક મહત્ત્વપૂર્ણ બાબત ધ્યાનમાં રાખજો કે, 'ગીતા'નો એક પણ શ્લોક, બાહ્ય જગતમાં મારામારી કે હિંસાચારને ટેકો નથી આપતો. 'ગીતા'માં વર્ણવવામાં આવેલું યુદ્ધનું મેદાન કોઈ જમીન પર આવેલો હિસ્સો નથી.

ગીતાના રચનાકાર શ્રી કૃષ્ણ પોતે જ કહે છે કે, **इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते।** એટલે કે, હે કુંતિપુત્ર (કૌન્તેય) અર્જુન, આ શરીર એક ક્ષેત્રસમાન છે (વાંચજો, યથાર્થ ગીતા, ૧૩/૯). આ લડાઈ તો, કોઈ ઈશ્વરની ભક્તિમાં લીન કોઈ સાધકના આત્મામાં ચાલી રહેલી સારી અને નરસી વૃત્તિઓ વચ્ચેનો સંઘર્ષ છે. આવા સંઘર્ષમાં ખરાબ વૃત્તિઓને દૂર કરવાના અને સારી વૃત્તિઓને વિકસાવવાના કાર્યને વિજય કહેવાય છે.

યોગેશ્વર શ્રી કૃષ્ણે મહાભારતના પાત્રોના ઉદાહરણ દ્વારા, તેમને લક્ષ્ય અથવા ઉદ્દેશ્ય બનાવીને 'ગીતા'નો ઉપદેશ આપ્યો છે. જેમાં તેમણે ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર, પ્રકૃતિ અને પુરુષ, દૈવી અને આસુરી વૃત્તિઓ, સજાતીય તથા વિજાતીય વૃત્તિઓ વચ્ચેના સંઘર્ષનું વિવરણ આ ઐતિહાસિક પ્રસંગના પાત્રોના રૂપે સમજાવી છે અને તેમણે અંતઃકરણના વિકારો તથા પરમાત્માની પ્રાપ્તિના સાધનોનું વર્ણન કર્યું છે.

ગીતામાં વર્ણવેલા યુદ્ધમાં વિજયી સાધકને શાશ્વત વિજય મળે છે. આધ્યાત્મિક ક્ષેત્રના યુદ્ધના અંતે સાધક જન્મ પછી મરણના જીવનચક્રમાંથી મુક્ત થઈ જાય છે અને ઈશ્વરના ધામમાં જાય છે.

આ વિષય અંગે વધુ જાણવા માટે તમારા ગુરુ અથવા શિક્ષકો કે માતા-પિતાને પૂછજો અને 'યથાર્થ ગીતા' વાંચજો.

* * *



# સનાતન સત્ય-ઉદ્બોધન

**(સનાતન સત્ય છે એક માત્ર પરમાત્મા, એની જાણકારીની વિધિ છે-ગીતા)**

વિશ્વનાં તમે સહુ બાળકો નસીબદાર છો કે, તમે આધ્યાત્મિક રીતે 'ગીતા' સાથે સંલગ્ન થઈ રહ્યા છો. ભારતનાં બાળકોને તો એ જાણીને ગૌરવની લાગણી થશે કે, તેમનો જન્મ 'ગીતા'ના ઉદ્ભવસ્થાન, આર્યાવર્ત ભારતમાં થયો છે. પ્રાચીન વેદોના સમયથી લઈને આજ સુધીમાં, ભારતીય અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિએ સમગ્ર જગતને પ્રભાવિત અને આકર્ષિત કર્યું છે. ધર્મ, સાહિત્ય, કળા, વિજ્ઞાન અને સંગીત વગેરે ક્ષેત્રે ભારત દેશ એક વ્યાપક સાંસ્કૃતિક કેન્દ્ર છે અને નિઃશંકપણે ધર્મ તેનું હાર્દ છે.

વિશ્વની બધી સંસ્કૃતિઓએ ભારતીય ધર્મ તથા તત્ત્વજ્ઞાને સ્વીકાર્યું છે અને અંગીકાર કર્યું છે. બધા દેશના વિદ્વાનો, વિચારકો, સાહિત્યકારો અને ઈતિહાસકારોએ તેમાંથી પ્રેરણા લીધી છે, અપનાવ્યું છે અને તેનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો છે.

વિશ્વના બધા ધર્મોમાં ભારતની અધ્યાત્મ–વિદ્યાની સરવાણીઓ જોઈ શકાય છે અને આ જ અધ્યાત્મ–વિદ્યાના સામર્થ્ય પર ભારત વિશ્વગુરુપદે રહ્યો હતો અને આજે પણ રહ્યો છે. એ જ્ઞાન, જેમના તેમ સ્વરૂપે, ભગવદ્ગીતાના વિવેચન ગ્રંથ, 'યથાર્થ ગીતા'માં આજેય સુરક્ષિત છે.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, તમે સૌ આ રાષ્ટ્રના ભાવિ નાગરિકો છો, માટે જ તમારી વિશેષ ફરજ એ બને છે કે, આપણા દેશનો આ આધ્યાત્મિક વારસો તથા ગૌરવશાળી પરંપરાને જાણો, તમારા જીવનમાં અપનાવો અને તેના દૂત બનીને આખી દુનિયાને આ અદ્ભૂત મહાન જ્ઞાન વડે સુશોભિત કરજો.

* * *

## — સંદેશ —

સત્યતાનો ત્રણે સમયાવધિઓમાં અભાવ નથી, અને અસત્યતાનું અસ્તિત્વ નથી. એક પરમાત્મા જ ત્રણેય કાળ – ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં – સત્ય છે, શાશ્વત છે અને સનાતન છે!

**– સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ**

## ભારતનું પ્રાચીન ગૌરવ – સનાતન, આર્ય, હિન્દુ ધર્મ

આર્યાવર્ત ભારત દેશના તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મની ધરી 'ધર્મ' છે. આ ધર્મને સનાતન ધર્મ કહેવામાં આવે છે. 'સનાતન'નો અર્થ છે, જે હમેશાં હતું, છે અને રહેશે. એને આપણા વેદ તથા ઉપનિષદોએ પરમાત્મા, આત્મા અથ વા બ્રહ્મ કહ્યો છે. એ બ્રહ્મ જ્યોતિસ્વરૂપ છે. એનાથી જ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે અને એમાં જ વિલય પણ થ ાય છે. આ ક્રમ અવિરતપણે ચાલતો રહે છે. આ જ સ્રુષ્ટિનો નિયમ છે.

- એ સનાતન પરમાત્મા, આત્મા અથવા બ્રહ્મને જાણવું, તેનો સાક્ષાત્કાર કરવો અને તેને જીવનમાં અપનાવવો તે **'સનાતન ધર્મ'** છે.
- એક પરમાત્મા જ શાશ્વત છે; તેના સિવાય અન્ય કોઈ શાશ્વત નથી, કોઈનું અસ્તિત્ત્વ કાયમ નથી. એ અસ્તિત્ત્વવાન, અવિનાશી પરમાત્માની ઉપાસના અથવા આરાધના કરનારને **'આર્ય'** કહેવામાં આવે છે.
- ભગવાન કહે છે – ''હું હંમેશ માટે બધાના હૃદયમાં સમાઈને રહું છું.''

**'सर्वस्य चाहं हृदि सन्निविष्टो'** – **(ગીતા – 15/15)**

એ જ્યોતિસ્વરૂપ પરમાત્માની આરાધના કરનારને **'હિન્દુ'** કહેવામાં આવે છે.

સનાતન, આર્ય અને હિન્દુ – આ ત્રણેય શબ્દો સૃષ્ટિના આદિ ધર્મશાસ્ત્ર ગીતામાંથી લેવામાં આવ્યા છે. ત્રણેયનો હેતુ એક જ છે. ત્રણેય શબ્દો પવિત્ર ગણાય છે. ઋષિઓ અને મહર્ષિઓએ ચિંતન–મનન કરતી વખતે સમયે સમયે આ નામોનો ઉપયોગ કર્યો છે.

આમ, બધા જ અથવા જે કોઈ વ્યક્તિ એ સનાતન, શાશ્વત અને હૃદયમાં રહેલા પરમાત્માને પામવા અથ વા તેમનું ધ્યાન ધરવા પ્રયાસ કરતા હોય, તે સનાતન ધર્મના અનુયાયી ગણી શકાય.

આ સનાતન ધર્મની સંપૂર્ણ રૂપરેખા શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં વર્ણવવામાં આવી છે, જે સંસ્કૃત ભાષામાં આલેખિત છે. ૫૨૦૦ વર્ષ પછી તેની યથાવત્ સંપૂર્ણ માહિતી, સદાકાળ રહેનારી સમજૂતિ 'યથાર્થ ગીતા'માં ફરીથી પ્રકાશિત કરવામાં આવી છે, જે સરળ રીતે સમજાય તેવી ભાષા (ગુજરાતી)માં આપવામાં આવી છે.

### આવો, આ વિશે ક્રમાનુસાર માહિતી મેળવીએ....

### ભૂતકાળમાં હમેશાં ઉદ્‌ભવેલા તથા વર્તમાનમાં ઉદ્‌ભવી રહેલા નવા પ્રશ્નો

પ્રિય બાળમિત્રો, સૃષ્ટિના આરંભથી જ અતિ પ્રાચીન સમયથી જ માણસ જિજ્ઞાસુ રહ્યો છે. તેના મનમાં હમેશાં પ્રશ્નો ઉદ્‌ભવતા રહ્યા છે કે,

- સત્ય શું છે? હું કોણ છું? મારા જીવનનું લક્ષ્ય શું છે?
- આ બ્રહ્માંડનું સર્જન કરનાર, પાલન અને પરિવર્તન કરનારી શક્તિ કોણ છે?
- શું એ સર્વસમર્થ શક્તિને ઓળખી શકાય છે?
- જો 'હા' તો, એ શક્તિને સમજવા કે જાણવાની અને તેનો સાક્ષાત્કાર કરવાની કઈ વિધિ અથવા પદ્ધતિ છે?

સૃષ્ટિના પ્રારંભથી જ આર્યાવર્તના સત્યશોધક ઋષિ–મુનિઓએ નિરંતર ચિંતન–મનન કરીને આ સર્વ પ્રશ્નોનો ઉકેલ શોધ્યો છે અને સત્યનો સાક્ષાત્કાર પણ કર્યો છે.

હકીકતમાં, જીવ–જગત તથા અધ્યાત્મ (આત્મા અથવા પરમાત્મા સંબંધી જ્ઞાન) સાથે સંબંધિત બધા પ્રશ્નોના ઉત્તર તથા જિજ્ઞાસાઓનું નિરાકારણ ભારતીય ચિંતન–તત્ત્વજ્ઞાન 'ગીતા'માંથી મળી શકે છે.

જિજ્ઞાસુ વિદ્યાર્થી મિત્રો, ઉપર લખેલા બધા પ્રશ્નો તથા જિજ્ઞાસાઓ આવનારા લાંબા સમય માટે પણ નવા જ રહેશે, જે તમારા પ્રશ્નો છે, અને તે હોવા જ જોઈએ. કારણ કે, એ જ તમને પરમ સત્યની શોધ કરવા માટે પ્રેરિત કરતા રહેશે.

**ભારતના ઋષિ–મુનિઓએ શોધ્યું છે કે,**

- એક પરમાત્મા જ સત્ય છે, શાશ્વત છે, અને તે હૃદયમાં વસે છે.

  પરમાત્મા **સત્ય** છે, જેનો અર્થ એ થયો કે, સાચે જ છે.

  પરમાત્મા **શાશ્વત** છે, જેનો અર્થ એ થયો કે, ભગવાન વૃદ્ધ ન થાય તેવા અમર, જેનું મૃત્યુ ન હોય તેવા અમર, જે નાશવંત ન હોય તેવા અવિનાશી, જેનો કોઈ પ્રારંભ નથી, તે અનાદિ અને જેનો કોઈ અંત નથી, તેવા અનંત છે.

- એક પરમાત્મા જ સર્વોચ્ચ સત્તા છે. એને જ લોકો આત્મા, બ્રહ્મ, તત્ત્વ, ઈશ્વર, ગૉડ અથવા ખુદાના નામે પોકારે છે. આ સર્વ નામો પરમાત્માને સંબોધવાનાં નામો છે. જેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેવા મહાપુરુષોએ તેમના દેશ–કાળની સ્થિતિ અનુસાર આ ભિન્ન ભિન્ન નામો આપ્યાં છે.
- એ પરમાત્મા અથવા બ્રહ્મ એક જ્યોતિ સ્વરૂપે છે. તેના એક જ અંશમાત્રથી સઘળી સૃષ્ટિનું સર્જન, પાલપોષણ અને પરિવર્તન થતું રહે છે. આ જ સૃષ્ટિનો નિયમ છે. (ગીતા, ૧૩/૧૭, ૯/૧૭)
- આપણે સહુ માનવો એક ઈશ્વરની રચના છીએ અને તેના જ પાવન અંશ છીએ. (ગીતા, ૧૫/૭ )
- જ્યોતિસ્વરૂપ ભગવાન બધા જીવોના હૃદયમાં વસે છે. (ગીતા, ૧૩/૧૭, ૧૮/૬૧)
- એ પરમાત્માને ઓળખી અથવા જાણી શકાય છે અને તેનું પ્રત્યક્ષ દર્શન પણ કરી શકાય છે. (આની સંપૂર્ણ માહિતી માટે ગીતાભાષ્ય 'યથાર્થ ગીતા'ને અનુસરવી અગત્યનું છે). (ગીતા, ૧૧/૫૪, ૨/૨૯)
- પરમાત્માના દર્શન (પરમાત્મદર્શન, આત્મદર્શન, બ્રહ્મદર્શન અથવા તત્ત્વદર્શન) કરતાંની સાથે જ આપણા બધા જ પ્રશ્નોનો ઉકેલ મળી જાય છે, અને પછી રહી જાય છે, માત્ર પરમાત્મા તથા તેનું પરિણામ છે – પરમાત્મસ્થિતિ, તત્ત્વસ્થિતિ અને શાશ્વત ધામ, પરમાનંદ અને મોક્ષની પ્રાપ્તિ. એ જ આપણા જીવનનો ઉદ્દેશ્ય છે.
- વર્તમાન મહાપુરુષ (પરમાત્મસ્થિત સદ્‌ગુરુ) દ્વારા જ ધર્મ અને ધર્મના આચરણની જાગૃતિ, શાશ્વત ધામ, પરમાનંદ અને મોક્ષની પ્રાપ્તિ શક્ય છે. આથી કોઈ સદ્‌ગુરુનું શરણ, સંરક્ષણ અને તેમની સેવા જરૂરી છે. (ગીતા, ૧૪/૨૭, ૪/૩૪)

**વધુમાં** – આ માટે કોઈને પણ ગુરુ ન માની લેવા જોઈએ, કારણ કે, સદ્‌ગુરુ શોધવાથી મળતા નથી, નથી કોઈ તેમની બાહ્ય ઓળખ. એ માટે તો એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને ૐનો જાપ કરવો, અને સતત કરતા રહો. ઈશ્વર પ્રેરિત કરીને, તમારી જ આત્મામાંથી જાગૃત થઈને સદ્‌ગુરુનો પરિચય કરાવશે.

આ લખાણ તથા વર્ણન સિવાય બાકી બધું ક્રિયાત્મક છે, જે માર્ગે ચાલીને જ જાણી શકાય છે. આથી, ઈશ્વરીય વાણી 'યથાર્થ ગીતા' સારી રીતે વાંચીને, સમજીને અને તેના નિર્દેશો અનુસાર વ્યવહાર–વર્તન કરીને જ આપણે ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ કાપી શકીએ છીએ.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, 'યથાર્થ ગીતા'ના સૂચિત નિર્દેશોનું પાલન કરીને તમે જીવનમાં ઉત્તમ સિક્ષણ, સારી આજીવિકા, સફળતા, સુખ–સમૃદ્ધિ, નામ–યશ અને મોક્ષ સુદ્ધાં પ્રાપ્ત કરી શકો છો.

* * *

**આવો, આપણે ધર્મ અને ધર્મશાસ્ત્ર વિશે જાણ મેળવીએ –**
**અત્યાર સુધી આપણે જાણી શક્યા છીએ કે,**

- **સત્ય** – સત્ય કેવળ એક પરમાત્મા જ છે. એ જ શાશ્વત અને સનાતન છે.

**– તો –**

- **ધર્મ** – તે એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરીને તેને સમજવી, સાક્ષાત્કાર કરવો અને ધારણ કરવું એ જ ધર્મ છે.

- **ધર્મશાસ્ત્ર** – એ પરમાત્માને સમજવાના અને ધારણ કરવાના ક્રિયાત્મક અને અનુશાસનાત્મક નિયમોની ઈશ્વરીય વાણીનું સંકલન ધર્મશાસ્ત્ર છે.

આથી, સૃષ્ટિના પ્રારંભથી લઈના આજ પર્યંત પ્રસારિત, યોગેશ્વર શ્રી કૃષ્ણની વાણી 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' જ વિશ્વનું આદિ ધર્મશાસ્ત્ર છે.

* * *

# વિશ્વનું આદિ ધર્મશાસ્ત્ર 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'





























ભારતના પ્રાચીન અને વેદોના સમયના ઋષિઓ અને મુનિઓએ જે સત્યની શોધ કરી હતી અને આત્મસાક્ષાત્કાર કર્યો હતો, તેનું સંપૂર્ણ વર્ણન 'ગીતા'માં આપવામાં આવેલું છે.

ભગવાન શ્રી રામના પ્રાદુર્ભાવ (લાખો વર્ષ પહેલાં – ત્રેતા યુગ) કરતાંય હજારો વર્ષ પહેલાં સત્યની શોધ કરીને એક પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન કર્યું હતું અને ભારતનાં વનોમાં આશ્રમ બનાવીને ગુરુ–શિષ્ય પરંપરા દ્વારા પાઠ કરાવીને (સ્મૃતિ અને અનુભૂતિ) આ જ્ઞાનને જાળવી રાખ્યું હતું. એ જ સત્ય, આજથી લગભગ ૫૨૦૦ વર્ષ પહેલાં, ભગવાન શ્રી કૃષ્ણે પોતાના શ્રીમુખે ફરીથી કહી સંભળાવ્યું હતું.

**इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।**
**विवस्वान्मनवे प्राह मनरिक्ष्वाकवेऽब्रवीत् ।।** (ગીતા, ૪/૧)

ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું, ''પ્રારંભમાં મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો, સૂર્યએ મનુને જણાવ્યો તથા મનુએ ઈશ્વાકુને કહ્યો હતો.''

મહારાજા મનુ આ પૃથ્વી પરના સર્વપ્રથમ માનવ હતા. આ જગતના સર્વ માણસો તેમના થકી જન્મ પામ્યાં છે. સર્વ માણસો મનુના વંશજો હોવાને કારણે માનવ કહેવાયા. મનુનો ઉલ્લેખ જગતની વિભિન્ન ભાષાઓમાં આદમ, નૂહ વગેરે નામોથી કરવામાં આવે છે. મનુને ગીતાનું જ્ઞાન, તેના પિતા સૂર્ય તરફથી વારસામાં મળ્યું હતું, જે સમય જતાં વિસરાઈ ગયું હતું. તેની પુનરુક્તિ કુરુક્ષેત્ર (ભારત)માં ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા કરવામાં આવી હતી.

(બાળમિત્રો, અહીં તમને જાણવાનું મન થતું હશે, જે યોગેશ્વર શ્રી કૃષ્ણના અનન્ય ભક્ત, અર્જુનને પણ થયું હતું અને તેણે ભગવાનને જ પૂછ્યું હતું, ''ભગવાન,

જે અવિનાશી અને પૌરાણિક યોગ અથવા જ્ઞાન આપ મને આપી રહ્યા છો, તે આપે જ કલ્પની શરૂઆત થતાં પહેલાં સૂર્યને જણાવ્યું હતું, તે હું કઈ રીતે માની લઉં? વળી આપનો જન્મ તો અહીં જ કેટલાંક વર્ષો પહેલાં થયો હતો!'' એ જ તો ગીતાની વિશિષ્ટતા છે, તત્ત્વજ્ઞાન છે. આ રહસ્ય અંગે પૂર્ણ માહિતી પ્રાપ્ત કરવા માટે તમારે ચોક્કસ જ 'યથાર્થ ગીતા' – પ્રકરણ ૪, શ્લોક ૧થી ૧૦ અને તેનો ઉપસંહાર વાંચવાં જ રહ્યાં.)

શ્રુત પરંપરા અનુસાર મળેલું અવિનાશી યોગ – ગીતાજ્ઞાન, મહારાજા મનુએ પોતાની સ્મૃતિમાં ધારણ કરીને સ્મૃતિની પરંપરાનો પ્રારંભ કર્યો હતો. એ પ્રામાણિક વિશુદ્ધ 'મનુસ્મૃતિ' છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રચારિત 'મનુસ્મૃતિ' રાજાશાહી સમયના સમાજ વ્યવસ્થાપકોની ભેટ હતી, જેને લઈને સમાજમાં ઊંચ–નીચ, અસ્પૃશ્યતા, જાતિ–ધર્મના વાડાઓ ઊભા કરીને પોતાનો સ્વાર્થ સાધવાની જ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં ધર્મનું તો નામનિશાન જ નહોતું.

(આજે સ્મૃતિનું તો ક્યાંય નામનિશાન જોવા મળતું નથી, પરંતુ તેનાં દુષ્પરિણામ ભારત આજે પણ ભોગવી રહ્યો છે. આવો, આપણે સંકલ્પ કરીએ કે, આપણે તેને જડમૂળથી દૂર કરી દઈને એક સમરસ સમાજની સ્થાપના કરીએ.)

'ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે, 'હું તને એ સનાતન સત્ય જણાવી રહ્યો છું, જે અગાઉના બુદ્ધિજીવીઓએ શોધ્યું હતું, જાણ્યું હતું અને પ્રાપ્ત કર્યું હતું – **'ऋषिभिर्बहुधागीतम्'** (ગીતા, ૧૩/૪) અને ભવિષ્યમાં આવનારા મહાસંતો પણ આ જ પ્રાપ્ત કરશે અને કહેશે.''

શ્રી કૃષ્ણના સમયના મહર્ષિ વેદવ્યાસની પહેલાં કોઈપણ શાસ્ત્ર પુસ્તકરૂપે ઉપલબ્ધ નહોતું, પરંતુ તે દિવસોમાં શીખેલું યાદ રાખવાની એટલે કે, શ્રુતજ્ઞાનની પરાંપરા હતી. એમણે સાંભળીને શીખેલું યાદ રાખવાની પરંપરાનો અંત આણીને, જ્ઞાનનાં વિષયોને લિપિબદ્ધ કરવાની પરંપરા શરૂ કરી અને તદનુસાર,ચારેય વેદ, બ્રહ્મસૂત્ર, પુરાણ, મહાભારત, ભાગવત અને ગીતાને સંકલિત અને લિપિબદ્ધ કરીને ગ્રંથરૂપે પ્રસ્તુત કર્યા. છેવટે, શાસ્ત્રોના રચનાકાર, મહર્ષિ વેદ વ્યાસે પોતે જ જણાવ્યું કે, ગીતા 'ધર્મશાસ્ત્ર' છે.

- **सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः।**
  બધા જ ઉપનિષદોનું સારતત્ત્વ 'ગીતા' છે, જેને ગોપાલ કૃષ્ણે દોહી છે, એટલે કે, તેનો સાર ગીતારૂપે વ્યક્ત કર્યો છે.

- **एकं शास्त्रं देवकीपत्र गीतम्।**
  'ગીતા' જ એકમાત્ર શાસ્ત્ર છે, જે ભગવાનનું ભજન છે.

- **गीता सगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।**
  **या स्वयं पद्मनाभस्य मखपद्माद्विनिःसृताः ।।** (મહાભારત, ભીષ્મપર્વ, ૪૩/૧)

'ગીતા'નો જ સારી રીતે પાઠ કરવો જોઈએ એટલે કે, મનનપૂર્વક સાંભળવું, કીર્તન અને પાઠ તથા મનન કરીને, તેને આત્મસાત્ કરવી જોઈએ. જો આટલું કરી લઈએ તો, અન્ય શાસ્ત્રોના વિસ્તૃત અભ્યાસની શી જરૂર રહે? કારણ કે, 'ગીતા' તો સ્વયં પદ્મનાભ ભગવાનના શ્રીમુખેથી કહેવાઈ છે.

- **सर्वशास्त्रमयी गीता ।** (મહાભારત, ભીષ્મપર્વ, ૪૩/૨)
  'ગીતા' બધા જ શાસ્ત્રોનો સાર છે.

આથી, લગભગ ૫૨૦૦ વરસ પહેલાં ભગવાન શ્રી કૃષ્ણના મોઢેથી કહેવાએલી 'ગીતા' જ માનવમાત્રનું ધર્મશાસ્ત્ર છે, કારણ કે, આજના પ્રચલિત બધા ધર્મો, પંથ તથા સંપ્રદાય શ્રી કૃષ્ણના સમયમાં અસ્તિત્ત્વમાં નહોતા. એમના પ્રાદુર્ભાવના હજ્જારો વર્ષો પછી જે મહાન સંતોએ એક ઈશ્વરને જ સત્ય હોવાનું જણાવ્યું, તે સર્વ 'ગીતા'ના જ સંદેશવાહકો છે. સંસારના બધા જ મહાન સંતોનો સંદેશ એક્સમાન જ છે. વેદોના સમયના મહર્ષિઓ, ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણ તથા સંત મોઝીસ, સંત અશો જરથુષ્ટ્ર, ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મુહમ્મદ પયગંબર, આદિ શંકરાચાર્ય, યોગી મત્સ્યેન્દ્રનાથ, સંત કબીર, ગોસ્વામી તુલસીદાસ, ગુરુ નાનક, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને પરમહંસ સ્વામી શ્રી પરમાનંદજી વગેરે સર્વ સંતોએ 'ગીતા'ના એકેશ્વરવાદના સંદેશને જ પોતપોતાના દેશ અને કાળની ભાષાઓમાં સમજાવ્યો છે અને ઈશ્વરને બ્રહ્મ, પરમાત્મા, આત્મા, અહુરમઝદ, ગૉડ, ખુદા, અલ્લાહ વગેરે પર્યાયવાચી નામોથી પોકાર્યો છે.

સત્યનો આ પ્રતિધ્વનિ ચારેય વેદ, ઉપનિષદ, રામાયણ, અવેસ્તા, જૈન સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય 'મહાપરિનિબ્બાનસુત્ત', બાઈબલ, કુરાન, શ્રીરામચરિતમાનસ, કબીરવાણી સાખી, ગુરુ ગ્રંથસાહેબ વગેરે ગ્રંથોમાંથી સાંપડે છે, જે ગીતાનો જ વિવિધ ભાષા–શૈલીમાં વિસ્તાર છે. આથી જ ભારત વિશ્વગુરુ છે.

* * *

શ્રીમદ્ ભગવદ્ ગીતાની યથાવત્ સુબોધ ગુજરાતી વ્યાખ્યા

# ॥ યથાર્થ ગીતા ॥

## માનવમાત્રનું એક માત્ર ધર્મશાસ્ત્ર



### વ્હાલા વિદ્યાર્થી મિત્રો!

સારો એવો સમય વિતતાં જતાં ‘‘ગીતા’’નો ભાવાર્થ લુપ્ત થઈ ગયો, ધૂંધળો થઈ ગયો અને તેને બદલે ભુલાવા લાગ્યો હતો, ઝાંખો પડવા લાગ્યો હતો જેથી ‘‘ગીતા’’ના નામે અનેક પ્રકારના ધાર્મિક આડંબરો અને સામાજિક કુરિવાજો ફેલાવા માંડી અથવા સામાજિક વ્યવસ્થાના નામે વિસ્તરવા દેવામાં આવી. સમાજમાં વિભિન્ન પ્રકારનાં નાત–જાત, વર્ણ–વ્યવસ્થા, ઊંચ–નીચ, ધર્મ–અધર્મ તથા પંથ અને સંપ્રદાયો વચ્ચે ભેદભાવ જેવી વિકૃતિઓનાં મૂળ સમાજમાં બહુ ઊંડે સુધી ગયાં હતાં. આવા અંધાધૂંધીવાળા વખતે ‘યથાર્થ ગીતા’નું પ્રકાશન એક દીવાદાંડી સમાન બની રહ્યું છે. તો આવો, તમને સૌને પણ ‘યથાર્થ ગીતા’ વિશે ટૂંકમાં માહિતી આપીએ.

૫૨૦૦ વર્ષના લાંબી સમયાવધિ પછી, સ્વામી શ્રી અડગડાનંજી મહારાજે શ્રી કૃષ્ણનો દિવ્ય સંદેશ, જે મૂળતઃ સંસ્કૃત ભાષામાં છે, તેને હિંદી જેવી સરળ ભાષામાં અને આસાનીથી સમજી શકાય તેવી રીતે, અને તેમણે પોતે અનુભવેલા જ્ઞાનને ‘યથાર્થ ગીતા’ના રૂપે રજૂ કર્યો છે. દૈવી પ્રરણાથી શ્રી ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે, ૨૪મી જુલાઈ, ૧૯૮૩ના રોજ પ્રકાશિત કરવામાં આવેલી ‘યથાર્થ ગીતા’ તેના પ્રારંભથી આજ દિવસ સુધી સમગ્ર માનવકલ્યાણ માટે દિશા–નિર્દેશન કરી રહી છે.

મહારાજશ્રીએ, ભગવાન શ્રી કૃષ્ણના પ્રયોજનની રજૂઆત યથા–અર્થ, એટલે કે, જેમની તેમ, કરી હોવાથી આ પુસ્તકનું શિર્ષક ‘‘યથાર્થ ગીતા’’ રાખવામાં આવ્યું છે. મહારાજશ્રીએ ‘‘યથાર્થ ગીતા’’ મારફત સત્યના નામે ફેલાયેલા, ‘સત્ય જેવા લાગતા’ સઘળ રીતરિવાજોને દૂર કરીને આપણને સહુને માટે પરમ કલ્યાણ પામવાનો માર્ગ દેખાડ્યો છે.

જેને સમયનાં બંધનો નડતાં નથી તેવી આ રચના ‘‘યથાર્થ ગીતા’’નું ભાષાંતર ભારતની બધી જ મુખ્ય ભાષાઓમાં કરવામાં આવ્યું છે, જેમ કે, હિન્દી, મરાઠી, પંજાબી, ગુજરાતી, ઉર્દૂ, સંસ્કૃત, ઉડિયા, બંગાળી, તમિળ, તેલુગુ, મલયાલમ, કન્નડ, આસામી તથા સિન્ધી. આ ઉપરાંત, વિદેશી ભાષાઓ – અંગ્રેજી, જર્મન,

ફ્રેન્ચ, નેપાળી, સ્પેનિશ, નોર્વેજીયન, ચીની, અરબી, ફારસી, ડચ, ઈટાલિયન તથા રશિયન ભાષાઓમાં પણ ભાષાંતરિત ‘‘યથાર્થ ગીતે’’ મળી રહી છે.

‘‘યથાર્થ ગીતા’’નું પ્રકાશન વીસમી શતાબ્દીની એક મહાન કૃતિ, પ્રસંગ અને તેની પ્રાપ્તિનો લાભ છે. હવે એ સમય દૂર નથી કે જ્યારે ‘‘યથાર્થ ગીતા’’ રૂપી વટવૃક્ષના (વડનું ઝાડ) છાંયડામાં સમગ્ર માનવજાતને શીતળતા અને શાંતિનો અનુભવ માણવા મળશે.

‘‘ગીતા’’ને સાચી રીતે અને જેમની તેમ સમજવા અને સંપૂર્ણ માહિતી મેળવવા માટે તમારે ‘‘યથાર્થ ગીતા’’નું પુસ્તક, અચૂકપણે ત્રણથી ચાર વખત વાંચવું જોઈએ.

**ૐ શાંતિઃ! શાંતિઃ!! શાંતિઃ!!!**

# ગીતા મહિમા ગાન-ગણગણ્યા કરો.

પાઠ ગીતાનો સદાય, કરવો મોટું સત્કર્મ છે.
પાઠ ગીતાનો કરવો, એ જ તો માનવધર્મ છે.
જ્ઞાન ગીતાનું સદાય, હૃદયમાં ધરવું જોઈએ.
માણસે દરરોજ ગીતાપાઠ તો કરવો જોઈએ.

જ્ઞાન ગીતાનું હોય જેને, દુષ્કર્મ એ કરશે નહીં.
જ્ઞાન ગીતાનું હોય જેને, તે મોતથી ડરશે નહીં.
આ માટે જ નિત્ય ગીતાનું સ્મરણ કરવું જોઈએ.
માણસે દરરોજ ગીતાપાઠ તો કરવો જોઈએ.

અમર છું હું, આત્મા, ગીતાએ શીખવ્યું છે મને,
અજર અમર અદ્વૈત છું, ગીતા સમજાવે છે મને,
આ કારણે જ મૃત્યુથી આપણે ન ડરવું જોઈએ.
માણસે દરરોજ ગીતાપાઠ તો કરવો જોઈએ.

શુદ્ધ ચેતન આત્મા, દૃષ્ટા સકળ સંસારી માયાનો,
ઈચ્છુક છું ભગવત્કૃપાનો, ભય નથી હવે કાળનો,
આવો નિશ્ચય હૃદયે ધરી, નિર્ભયપણે ફરવું જોઈએ,
માણસે દરરોજ ગીતાપાઠ તો કરવો જોઈએ.

કૃતાર્થ બન્યા છે એ લોકો, જેમને ભગવત્ ગીતા વહાલી છે,
છે માનવજીવન સફળ તેમનું, તેઓ મુક્તિના અધિકારી છે,
છે, આ સમસ્ત શાસ્ત્રોની માતા, વેદોનો આમાં સાર ભર્યો,
જેણે ગીતાનો મર્મ સમજ્યો, તે જગતમાં પરમ સુખી જીવ છે.

સત્કર્મ, ધર્મ અને જ્ઞાન-ધ્યાનનો, યથાર્થ પથ દર્શાવ્યો છે,
ગીતા છે, પ્રાણસમાન તેમને, જે સજ્જનો તત્ત્વ-વિચારક હોય,
શ્રી ભગવાનના મુખની વાણી છે, દુઃખ ક્લને ચિન્તા હરનારી છે,
ગીતા યથાર્થના શરણમાં જે હોય, તેના રક્ષકના પ્રણધારી છે.

* * *

# ધર્મ, ધર્મશાસ્ત્ર અને ધર્મ સિદ્ધાંત

જિજ્ઞાસુ બાળમિત્રો, અત્યાર સુધી આપણે જાણી ચૂક્યા છીએ કે,

- **સત્ય :** કેવળ એક પરમાત્મા, ઈશ્વર, ગૉડ અથવા ખુદા જ 'સત્ય' છે.
- **ધર્મ :** એક પરમાત્માને ધારણ કરવો એ જ 'ધર્મ' છે.
- **ધર્મશાસ્ત્ર :** ગીતા જ માનવમાત્રનું એકમેવ 'આદિ ધર્મશાસ્ત્ર' છે.

**– તો –**

ધર્મ–સિદ્ધાંત પણ એક જ છે, જેમાં ઈશ્વર એક, તેને પામવાની ક્રિયા એક, અધ્યાત્મ–પથ પર અનુકંપા પણ એક અને પરિણામ પણ એક છે. એ છે, ઈશ્વરદર્શન, ઈશ્વરત્વની પ્રાપ્તિ. એ બધા સિદ્ધાંતો પરિપૂર્ણ રીતે એક જ શાસ્ત્ર, 'યથાર્થ ગીતા'માં વર્ણવવામાં આવ્યા છે.

### ધર્મ–સિદ્ધાંત એક

તમારા સૌની માહિતી અને જ્ઞાનમાં અભિવૃદ્ધિ માટે 'ગીતા'ના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો નીચે આપવામાં આવ્યા છે, જે અનાદિકાળથી વ્યાપ્ત છે, શાશ્વત છે અને સનાતન છે. આ ધર્મ–સિદ્ધાંતો પૂર્ણપણે 'યથાર્થ ગીતા'માં વર્ણવવામાં આવ્યા છે. આથી, આપણા સર્વનું, જગતના માણસમાત્રનું ધર્મશાસ્ત્ર, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભાષ્ય 'યથાર્થ ગીતા' છે. એ જ સૃષ્ટિનું પ્રાચીન શાસ્ત્ર છે.

### શ્રી ભગવાનુવાચ

**इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।**
**विवस्वान्मनवे प्राह मनरिक्ष्वाकवेऽब्रवीत् ।।** (ગીતા, ૪/૧)

ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું, ''પ્રારંભમાં મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો, સૂર્યએ પોતાના પુત્ર મનુને જણાવ્યો.'' જેને લઈને એક પરમાાત્મા જ સત્ય છે, એ જ સર્વત્ર વ્યાપ્ત છે. યોગ સાધના દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર અથવા તેમનું દર્શન, સ્પર્શ અને દૈવી જગતમાં પ્રવેશ શક્ય બની શકે છે. ગીતાનો જ સિદ્ધાંત છ કે, પરમાત્મા જ સત્ય છે, એ જ વાત, વિશ્વના બધા સંતો, વિચક્ષણ બૌદ્ધિકો, મહાત્મા કહેતા આવ્યા છે, પરંતુ, તેને શી રીતે પામી શકાય? – આ અધ્યાત્મ–વિધિ ગીતામાં જ પૂર્ણપણે આપવામાં આવી છે.

સૃષ્ટિના પ્રારંભમાં જે શાસ્ત્ર વિશે ભગવાને વક્તવ્ય આપ્યું હતું, તે તો સમય જતાં લુપ્ત થતું ગયું હતું. દ્વાપર યુગમાં, ફરીથી અવતાર લઈને ભગવાને, ભારતના કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર એ જ શાસ્ત્ર અર્જુનને કહી સંભળાવ્યું હતું. વર્ષો પહેલાં, પ્રાચીન ભારતમાં શાસ્ત્રો અંગે વિદ્યાભ્યાસ કરવા પર પ્રતિબંધ લદાવાને કારણે ધર્મના નામે રૂઢીઓ, શાસ્ત્રના નિયમોને સ્થાને સામાજિક રીતરિવાજો અને વ્યવસ્થાઓ પ્રચલિત થઈ ગઈ હતી. 'ગીતા' સંસ્કૃત ભાષામાં તેના મૂળ ૭૦૦ શ્લોકોમાં જળવાયેલી હતી, પરંતુ લોકો તેના ઉદ્દેશ્યને વિસરી ગયા હતા, જેને પૂજ્ય સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજે 'યથાર્થ ગીતા' ભાષ્યરૂપે ફરીથી પ્રકાશિત કરી છે. વિશ્વ ધર્મ પરિષદ, વિદ્વત્

પરિષદ, બ્રાહ્મણ મહાસભા વગેરે જેવી જગતની અગ્રગણ્ય સંસ્થાઓ દ્વારા ‘યથાર્થ ગીતા’ પ્રશંસા પામી છે. તમારી સૌની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે, તમે ‘યથાર્થ ગીતા’ ધર્મશાસ્ત્રનું અનુસરણ કરીને જગતમાં સમૃદ્ધિ તથા પરમ શ્રેય સાધવાની નિયત સાધનામાં પ્રગતિ કરો.

‘ગીતા’ના મુખ્ય મુખ્ય ધર્મ સિદ્ધાંતો નિમ્નાનુસાર છે, તેની યથાવત્ સમજવામાં સરળ વ્યાખ્યા માટે ‘યથાર્થ ગીતા’ વાંચજો, જે ભારતની બધી જ ભાષાઓમાં, વિશ્વની મુખ્ય ભાષાઓમાં, ઑડિયો-વીડિયો, કૅસેટ્સ, સી.ડી, રૂપે તથા ઈન્ટરનેટ પરથી પણ વાંચવા માટે મેળવી શકાય છે.

**૧. બધાં ઈશ્વરનાં સંતાન –**

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।**
**मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।** (ગીતા, ૧૫/૭)

બધા માણસો ભગવાનનાં સંતાનો છે, અંશ છે (એક પ્રભુનાં બાળકો છે.)

**૨. માનવ–તનની સાર્થકતા –**

**अनित्यसखं लोकमिमं प्राप्य भजस्व माम् ।** (ગીતા, ૯/૩૩)

સુખરહિત, ક્ષણભંગુર, દુર્લભ માનવ–શરીર મેળવીને મારું ભજન કર. એનો અર્થ એ થયો કે, ભજન કરવાનો અધિકાર બધા જ માણસો અને શરીરધારીઓને છે.

**૩. મનુષ્યોની કેવળ બે જ જાતિઓ –**

**द्वौ भूतसगा लोकेऽस्मिन्दैव आसर एव च ।**
**दैवो विस्तरशः प्रोक्त आसरं पार्थ मे श्रृण ।।** (ગીતા, ૧૬/૬)

હે અર્જુન, મનુષ્ય માત્ર બે જ પ્રકારના હોય છે – દેવતા અને અસુર. જેમના હૃદયમાં દૈવી વૃત્તિ કાર્યરત હોય તેઓ દેવતા હોય છે, અને જેમના હૃદયમાં આસુરી વૃત્તિ હોય તેઓ અસુર ગણાય છે. અન્ય કોઈ ત્રીજી જાતિ નથી.

**૪. સર્વ મહેચ્છાઓ ઈશ્વર થકી સુલભ બને છે –**

**त्रैविद्या मां सोमपाः पूतपापा**
**यज्ञैरिष्ट्वा स्वर्ग त प्रार्थयन्ते ।**
**ते पण्यमासाद्य सरेन्द्रलोक –**
**मश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ।।** (ગીતા, ૯/૨૦)

મને (એક ઈષ્ટદેવ, પરમાત્મા, સદ્‌ગુરુ) ભજીને લોકો સ્વર્ગ મળશે તેવી મહેચ્છા ધરાવતા હોય છે, જે હું તેમને આપું છું. આનો મતલબ એ થયો કે, ભગવાન થકી સર્વ કંઈ મેળવવું સુલભ છે.

**૫. ભગવાનનું શરણ લેવાથી પાપો નષ્ટ થાય છે –**

**अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृतमः ।**
**सव ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि ।।** (ગીતા, ૪/૩૬)

અર્જુન, તું બધા જ પાપીઓમાં સૌથી વધુ પાપ કરનાર છે, તો પણ, જ્ઞાનરૂપી નાવ દ્વારા પાર ઊતરી શકીશ, તેમાં કોઈ જ શંકા નથી.

**૬. જ્ઞાન –**

**अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थ दर्शनम् ।**
**एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदन्तोऽन्यथा ।।** (ગીતા, ૧૩/૧૧)

અધ્યાત્મ જ્ઞાન – આત્માના આધિપત્યમાં ઈશ્વરસંબંધી જ્ઞાન (આત્મજ્ઞાન)માં એકરસ સ્થિતિ અને તત્ત્વના અર્થરૂપ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન જ જ્ઞાન છે અને તે સિવાય અન્ય જે કંઈ છે તે, અજ્ઞાન છે. આત્મજ્ઞાન, તત્ત્વજ્ઞાનની સાથે જ મનુષ્ય આત્મસ્થિત, તત્ત્વસ્થિત થાય છે. પરમાત્માના સ્વરૂપમાં સમાઈ જાય છે.

**૭. ભજન કરવાનો અધિકાર સહુને છે –**

**अपि चेत्सदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।।** (ગીતા, ૯/૩૦)
**क्षिप्रं भवति धर्मात्मा शश्वच  ान्तिं निगच  ति ।**
**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।।** (ગીતા, ૯/૩૧)

અત્યંત દુરાચારી વ્યક્તિ પણ મારું ભજન કરીને બહુ જ જલદી ધર્માત્મા અથવા સદાચારી બની શકે છે અને સદાકાળ રહેનારી શાંતિ મેળવી શકે છે. આથી, ધર્માત્મા (ધાર્મિક વ્યક્તિ) એ છે, જે એક પરમાત્માને સમર્પિત હોય. ગીતા સદાચારી કે દુરાચારીમાં ભેદભાવ કરતી નથી, સહુનું એકસમાન કલ્યાણ કરે છે.

**૮. ભગવાનના માર્ગમાં અલ્પ પ્રમાણમાં પણ ભજન કરવાનું પુણ્ય નાશ પામતું નથી –**

**नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।**
**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।।** (ગીતા, ૨/૪૦)

આત્મદર્શન (આત્મા અથવા પરમાત્માના દર્શન)ની અલ્પ પ્રમાણમાં (થોડા–ઘણા અંશે) કરેલી સાધના કે ભજન વગેરે જેવાં કાર્યો જન્મ–મરણના ભયંકર ભયથી ઉદ્ધાર કરે છે.

**૯. ઈશ્વરનો વાસ –**

**सर्वस्य चाहं हृदि सन्निविष्टो....** । (ગીતા, ૧૫/૧૫)

હું જ સર્વ જીવોના હૃદયમાં અન્તર્યામીના રૂપે વાસ કરું છું.

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जन तिष्ठति ।**
**भ्रमयन्सर्वभूतानि यन्त्रारू ानि मायया ।।** (ગીતા, ૧૮/૬૧)

ઈશ્વર સર્વ જીવો–પ્રાણિઓના હૃદયમાં રહે છે.

**तमेव शरणं गच   सर्वभावेन भारत ।**
**तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।।** (ગીતા, ૧૮/૬૨)

અર્જુન, તું સંપૂર્ણ ભક્તિભાવપૂર્વક એ હૃદયમાં રહેલા એક ઈશ્વર, પરમાત્માના શરણે જા, જેની કૃપાથી તને પરમ શાંતિ, શાશ્વત પરમધામ મળશે.

## ૧૦. યજ્ઞ –

સાધનાની ખાસ વિધિનું નામ યજ્ઞ છે.

**सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे।**
**आत्मसंयमयोगाग्नऔ जह्वति ज्ञानदीपिते ।।** (ગીતા, ૪/૨૭)

યજ્ઞમાં સાધક મનસહિત સર્વ ઈન્દ્રિયોની વૃત્તિઓ તથા પ્રાણના આવાગમનને આત્મસાક્ષાત્કાર દ્વારા જ્ઞાનથી પ્રકાશિત થયેલી આત્મામાં સંયમરૂપી યોગાગ્નિમાં હવનમાં કરે છે.

એનો અર્થ એ થયો કે, સાંસારિક વિષયોમાંથી મનને સંકોરી લઈને અને સંયમિત કરીને સંયમરૂપી અગ્નિમાં ભસ્મ અથવા બાળી નાખવાનું કાર્ય, યજ્ઞ છે.

ભૌતિક દ્રવ્યોથી સિદ્ધ થનારા યજ્ઞ અત્યંત અલ્પ હોય છે.

**अपाने जह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।**
**प्राणापानगतीरूद्ध्वा प्राणायामपरायणाः ।।** (ગીતા, ૪/૨૯)

ઘણાખરા યોગીઓ શ્વાસને પ્રશ્વાસમાં હવન કરતા હોય છે જ્યારે અનેક લોકો પ્રશ્વાસને શ્વાસમાં હવન કરે છે. એનાથીય ઉન્નત અવસ્થા પ્રાપ્ત થતાં અન્ય યોગીજનો શ્વાસ–પ્રશ્વાસની ગતિ અટકાવીને પ્રાણાયામ–પરાયણ થઈ જતા હોય છે. આ રીતની ખાસ વિધિને યજ્ઞ કહેવામાં આવે છે. આ યજ્ઞને કાર્યાન્વિત કરવો કર્મ છે.

## ૧૧. યજ્ઞનું પરિણામ અને યજ્ઞ કરવાનો અધિકાર –

**यज्ञशिष्टामृतभजो यान्ति ब्र    सनातनम् ।**
**नायं लोकोऽस्त्ययज्ञस्य कन्तोऽन्यः करुसत्तम ।।** (ગીતા, ૪/૩૧)

અર્જુન, યજ્ઞ જે સૃષ્ટિનું સર્જન કરે છે, જે અવશેષ છોડે છે, તે છે, અમૃત! અને તેની પ્રત્યક્ષ જાણકારી જ્ઞાન છે. એ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી શાશ્ત, સનાતન બ્રહ્મને પામે છે.

શ્રી કૃષ્ણ કહે છે કે, યજ્ઞ–રહિત પુરુષને આ માનવ–શરીર પણ મળતું નથી, તો પરલોક શી રીતે મળી શકશે? આનો અર્થ એ થયો કે, જેને માનવ શરીર મળ્યું છે, તે સર્વને યજ્ઞ કરવાનો અધિકાર પણ મળ્યો છે.

## ૧૨. ઈશ્વરને જોઈ શકાય છે –

**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविद्योऽर्जन ।**
**ज्ञातं दृष्टं च तत्त्वेन प्रवेष्टं च परन्तप ।।** (ગીતા, ૧૧/૫૪)

અનન્ય ભક્તિ દ્વારા મારું સરળતાપૂર્વક દર્શન થઈ શકે છે, મને જાણી શકાય છે અને મારી દિવ્યતામાં પ્રવેશ પણ પામી શકાય છે.

**आश्चर्यवत्पश्यति कश्चिदेन –**

**माश्चर्यवद्वदति तथैव चान्यः ।**

**आश्चर्यवच्चैनमन्यः श्रृणोति**

**श्रत्वाप्येनं वेद न चैव कश्चित् ।।** (ગીતા, ૨/૨૯)

અવિનાશી આત્માને કોઈ વિરલ વ્યક્તિ (અનન્ય ભક્ત) જ આશ્ચર્યપૂર્વક જોઈ શકે છે. અન્ય કોઈ વિરલ સાધક તેને આશ્ચર્યપૂર્વક સાંભળી શકે છે. બધા સાંભળી પણ શકતા નથી, કારણ કે, આ તો પ્રત્યક્ષ દર્શન છે.

**૧૩. આત્મા જ સત્ય છે, શાશ્વત છે, સનાતન છે –**

**अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।**

**नित्यः सर्वगतः स्थाणरचलोऽयं सनातनः ।।** (ગીતા, ૨/૨૪)

આત્માને છેદી શકાતો નથી, તેને બાળી પણ શકાતો નથી, વળી તેને પાણીમાં ભીંજવી પણ નથી શકાતો, આકાશ પણ તેને પોતાનામાં સમાવી નથી શક્તું. આ આત્મા સર્વવ્યાપક, અચળ, સ્થિર રહેનાર અને સનાતન છે.

**૧૪. વિધાતા અને તેનાથી ઉત્પન્ન સૃષ્ટિ નશ્વર છે –**

**आब्र भवनाल्लोकाः पनरावर्तिनोमर्जन ।**

**मामपेत्य त कौन्तेय पनर्जन्म न विद्यते ।।** (ગીતા, ૮/૧૬)

બ્રહ્માથી લઈને કીટક, પતંગિયાં વગેરે સર્વ લોકો ફરી ફરીને જીવન પામતાં હોય છે, તેમના જન્મ અને મરણનો ક્રમ અવિરતપણે ચાલતો રહે છે. પરંતુ, કૌન્તેય, મને પામીને એ જીવનો પુનર્જન્મ થતો નથી. માટે, બ્રહ્મા અને તેનાથી નિર્મિત સૃષ્ટિ, દેવો અને દાનવો દુઃખોની ખાણ છે, તેઓ ક્ષણભંગુર તથા નશ્વર છે.

**૧૫. દેવોની પૂજા મૂઢ અને અજ્ઞાની લોકો કરતા હોય છે. એ પ્રકારનું પૂજન અવિધિપૂર્વકનું છે. માટે જ તે નષ્ટ પણ થઈ જાય છે –**

**कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्येन्तेऽन्यदेवताः ।**

**तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ।।** (ગીતા, ૭/૨૦)

જે લોકોની બુદ્ધિ પર લાલસા, ઈચ્છાઓ અને લોભ વગેરે છવાયેલા હોય, તેવા અજ્ઞાની અને મૂઢ લોકો જ પરમાત્મા સિવાય અન્ય દેવીદેવતાઓની પૂજા કરતા હોય છે.

**येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।**

**तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ।।** (ગીતા, ૯/૨૩)

દેવી–દેવતાઓની પૂજા કરનારાઓ, ખરેખર તો મારી જ પૂજા કરતા હોય છે, પરંતુ, એ પૂજન અવિધસરનું હોવાથી મને પામી શકવાની વિધિરહિત હોય છે, એટલે તેનું પરિણામ નાશ પામે છે.

**શાસ્ત્રવિધિનો ત્યાગ –**

અર્જુન, શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને ભજન કરનારા સાત્ત્વિક શ્રદ્ધા ધરાવતા લોકો દેવી–દેવતાઓને, રાજસી પ્રકૃતિના લોકો યક્ષો તથા રાક્ષસોને અને તામસી પ્રકૃતિના લોકો ભૂત–પ્રેતોને પૂજતા હોય છે. (ગીતા, ૧૭/૪–૫)

**कर्शयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।**
**मां चैवान्तः शरीरस्थं तान्विद्ध्यासरनिश्चयान् ।।** (ગીતા, ૧૭/૬)

પરંતુ, એ શરીરના રૂપમાં રહેલો જીવ–સમુદાય અને અંતર્યામી રૂપે આત્મામાં રહેલા પરમાત્માને નબળો પાડનારા હોય છે. એ લોકો અસુર જેવાઓ હોય છે. જેનો અર્થ એ થયો કે, દેવી–દેવતાઓને પૂજનારાઓ પણ આસુરી વૃત્તિ અંતર્ગત આવે છે.

**૧૬. અધમ કોણ હોય છે? –**

**तानहं द्विषतः क्रूरान्संसारेष नराधमान् ।**
**क्षिपाम्यजस्रमशभानासरीष्वेव योनिष ।।** (ગીતા, ૧૬/૧૯)

જે લોકો યજ્ઞની નિર્ધારિત પદ્ધતિને તજીને કપોળકલ્પિત વિધિ–વિધાનોથી ભજન–પૂજન કરતા હોય છે તેઓ જ નિષ્ઠુર, પાપ આચરનારાઓ તથા મનુષ્યોમાં અધમ છે. અન્ય કોઈ અધમ નથી.

**૧૭. નિયત વિધિ શું છે? –**

**ओमित्येकाक्षरं ब्र   व्याहरन्मामनस्मरन् ।**
**यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ।।** (ગીતા, ૮/૧૩)

ૐકાર, જે અક્ષય બ્રહ્મને દર્શાવે છે, જેનો જાપ તથા મારું, એક પરમાત્મા તરીકેનું સ્મરણ, તત્ત્વજ્ઞ સંતપુરુષના ચરણે રહીને ધ્યાન ધરવું, એ જ નિયત વિધિ છે.

**૧૮. 'ગીતા' એક શાસ્ત્ર છે –**

**इति गह्यतमं शास्त्रम् इदमक्तं मयानघ ।**
**एतद्बद्ध्वा बद्धिमानस्यात् कृतकृतश्च भारत ।।** (ગીતા, ૧૫/૨૦)

આ રીતે, અત્યંત ગૂઢ શાસ્ત્ર મેં જણાવ્યું છે. આને જ્ઞાનતત્ત્વ તરીકે સ્વીકારીને માણસ અધ્યાત્મ વિશે સંપૂર્ણપણે જાણકાર તથા કૃતાર્થ થઈ જાય છે. આથી, એ સ્પષ્ટ છે કે, 'ગીતા' એક શાસ્ત્ર છે.

**तस्माच  ास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तमिहार्हसि ।।** (ગીતા, ૧૬/૨૪)

અર્જુન, તારાં કર્તવ્ય અને અકર્તવ્યને નિર્ધારિત કરવા માટે શાસ્ત્ર જ પ્રમાણરૂપ છે. આથી, ગીતા શાસ્ત્ર મારફત નિર્ધારિત વિધિપૂર્વક જ આચરણ કરવું જોઈએ.

**૧૯. ધર્મ –**

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं ब्रज ।।** (ગીતા, ૧૮/૬૬)

ધાર્મિક ધાંધલ અથવા ઉથલપાથલને છોડીને એકમાત્ર મારા શરણે આવી જા. આનો અર્થ એ કે, એક ભગવાન માટે સંપૂર્ણપણે સમર્પણ–ભાવના જ ધર્મનું મૂળ છે.

પ્રભુને પામવાની નિયત વિધિનું (ગીતામાં વર્ણવ્યા અનુસાર) આચરણ જ ધર્માચરણ છે. (ગીતા, ૨/૪૦)

અને એ રીતે જે કરે છે, તે અત્યંત પાપી હોય તો પણ બહુ જ જલદી, ધર્માત્મા બની જાય છે. (અધ્યાય ૯, શ્લોક ૩૦–૩૧)

**૨૦. ધર્મ ક્યાંથી પ્રાપ્ત કરવો –**

**ब्र णो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।**
**शाश्वतस्य च धर्मस्य सखस्यैकान्तिकस्य च ।।** (ગીતા, ૧૪/૨૭)

એ અવિનાશી બ્રહ્મનો, અમૃતનો, શાશ્વત ધર્મનો અને અખંડ એકરસ આનંદનો હું જ એકમાત્ર સ્રોત છું, એટલે કે, તત્ત્વજ્ઞ સંત એવા સદ્‌ગુરુ જ આ સર્વનો આશ્રય છે. સદ્‌ગુરુને શરણે જવાથી આ સર્વને પામવાનું શક્ય બને છે.

**૨૧. જ્યાં ગીતા હોય ત્યાં દુષ્ટ આત્માઓનો પ્રભાવ રહેતો નથી –**

**स्थाने हृषीकेश तव प्रकीर्त्या ।**
**जगत्प्रहृष्यत्यनरज्यते च ।**
**रक्षांसि भीतानि दिशो द्रवन्ति**
**सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ।।** (ગીતા, ૧૧/૩૬)

ભગવાનની મહિમાથી ગભરાઈ જઈને રાક્ષસો નાસી જાય છે.

**૨૨. 'યથાર્થ ગીતા'નું નિયમિતપમે શ્વણ, અધ્યયન તથા શીખવવાથી ભગવાન પ્રસન્ન રહે છે અને સર્વ મનોકામનાઓ પરિપૂર્ણ થાય છે –**

શ્રદ્ધાવાન, ભાવિક અને જિજ્ઞાસુ વ્યક્તિને ગીતાપાઠ સંભળાવનાર વ્યક્તિ ઈશ્વરને અત્યંત પ્રિય લાગે છે.

**य इमं परमं गह्यं मद्भक्तेष्वभिधास्यति ।**
**भ क्त मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ।।** (ગીતા, ૧૮/૬૮)

જે લોકો મારા તરફ પ્રેમવશ થઈને આ પરમ ગૂઢ શાસ્ત્ર ગીતાના ઉપદેશને મારા ભક્તોને કહેશે, તે ઉપદેશ પામેલ ભક્ત મને પામી શકશે, જેમાં જરાય શંકા નથી.

**न च तस्मान्मनष्येष कश्चिन्मे प्रियकृत्तमः ।**
**भविता न च मे तस्मादन्यः प्रियतरो भवि ।।** (ગીતા, ૧૮/૬૯)

આવો ઉપદેશ આપનાર વ્યક્તિથી અન્ય કોઈ, મને ગમે તેવું કાર્ય કરનાર વ્યક્તિ કોઈ જ નથી અને આ પૃથ્વી પર એના કરતાં મને વધુ પ્રિય લાગે તેવી કોઈ વ્યક્તિ સંભવી શકશે નહીં.

**अध्येष्यते च य इमं धर्म्य संवादमावयोः ।**
**ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ।।** (ગીતા, ૧૮/૭૦)

જે કોઈ વ્યક્તિ મારા અને અર્જુન વચ્ચેના આ ધર્મમય સંવાદ 'ગીતા'નું અધ્યયન કરશે, તે વ્યક્તિએ આ પ્રકારના જ્ઞાન–યજ્ઞ થકી મારું કર્યું છે, તેમ લેખાશે.

**श्रद्धावाननसूयश्च श्रृणयादपि यो नरः ।**
**सोऽपि मक्तः शभाँल्लोकान्प्राप्नयात्पण्यकर्मणाम् ।।** (ગીતા, ૧૮/૭૧)

જે વ્યક્તિ ગીતા દ્વારા દર્શાવાયેલ નિર્ધારિત કર્મો પૂર્ણ નથી કરી શકતી, પણ શ્રદ્ધાપૂર્વક સાંભળે છે, તે પણ પુણ્યલોક પામી શકે છે.

**નોંધ** : વિશ્વના બધા જ સંપ્રદાયો અને પંથોનો સત્ય–પ્રવાહ 'ગીતા'નું જ પ્રસારણ છે.

**આવશ્યક** : દરેક વિદ્યાર્થીએ દરરોજ સવારે અથવા સાંજે 'યથાર્થ ગીતા'ના ચાર શ્લોકોનો અર્થ સમજીને, લયબદ્ધ રીતે પાઠ કરવો જ જોઈએ.

* * *

## – પૂજ્યશ્રીના શ્રીમુખે નિસૃત વાણી –

......આપણી સંસ્કૃતિ એ છે કે, આપણે બધાં કાર્યોની શરૂઆત અને પૂર્ણાહુતિ પ્રભુનું નામસ્મરણ કરતાં કરતાં કરીએ છીએ. આ કારણે, પ્રિય બાળમિત્રો, સૂતાં–જાગતાં, જાજરૂ જતાં, નહાતાં–ધોતાં, પાણી પીતાં, ઊઠતાં–બેસતાં, શાળાએ જતાં, વાંચતાં–લખતાં, રમતાં રમતાં, જીંદગીની પ્રત્યેક ક્ષણે ભગવાનનું નામસ્મરણ કરતા રહીએ તો, સોનામાં સુગંધ ભળ્યા જેવું કામ થાય. હા! સવારે–સાંજે ૧૫–૨૦ મિનિટ બેસીને ૐકારના જાપ માટે નિશ્ચિતપણે સમય ફાળવવો જ જોઈએ. બધાં બાળકો, યુવાનો, વૃદ્ધો, સ્ત્રી–પુરુષો, જેમને માનવ શરીર મળ્યું છે, તે સર્વએ ૐનો જાપ કરવો જ જોઈએ......

**– સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ**

# મહાપુરુષ, ભગવાન,ઈષ્ટ, સદ્ગુરુ, યોગેશ્વર (શ્રીકૃષ્ણ) ની પ્રાર્થના

## (એક અનુરાગી શિષ્ય (અર્જુન) દ્વારા )

परमक्षरं परमं वेदितव्यं

तस्मस्य विश्वस्य परं निधानम् ।

त्वमव्ययः शाश्वतधर्मगोप्ता

सनातनस्त्वं परुषो मतो मे ।। ११/१ ।।

त्वमादिदेवः परुषः पराण–

स्त्वमस्य विश्वस्य परं निधानम् ।

वेत्तासि वेद्यं च परं च धाम

त्वया ततं विश्वमनन्तरूप ।। ११/३ ।।

वायर्यमोऽग्निर्वरुणः शशांकः

प्रजापतिस्त्वं प्रपितामहश्च ।

नमो नमस्तेऽस्त सहस्रकृत्वः

पनश्च भूयोऽपि नमो नमस्ते ।। ११/३९ ।।

पितासि लोकस्य चराचरस्य

त्वमस्य पूज्यश्च गरुर्गरीयान् ।

न त्वत्समोऽस्त्यभ्यधिकः कतोऽन्यो

लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ।। ११/४३ ।।

**નોંધ –** બધા શ્લોકો મોઢે કરી લેવા, સ્વરબદ્ધ પાઠ કરવો અને ભાવાર્થ સમજવા માટે ‘યથાર્થ ગીતા’ વાંચવી.

* * *

# વિદ્યાર્થીઓની ફરજો

**પ્રિય વિદ્યાર્થી મિત્રો,**

નીચે આપેલા સૂચનોનું પાલન કરીને તમે તમારા જીવનના સર્વ લક્ષ્યો હાંસલ કરી શકશો. તેમનું પાલન તો કરી જોજો.

## ।। નિર્ધારિત દિનચર્યા ।।

- દરરોજ વહેલી સવારે ચાર વાગ્યે (બ્રાહ્મમુહૂર્ત)માં જાગી જવું જોઈએ.
- ❐ જાગી જઈને એક ઈષ્ટદેવ, પરમાત્મા અથવા સદ્‌ગુરુનું (આ બધા એક જ છે, અને અન્યોન્યનાં સંબોધનો છે) શ્રદ્ધાપૂર્વક ધ્યાન ધરવું જોઈએ.
- ❐ ઈષ્ટદેવનું ધ્યાન ધર્યા પછી, ૧૫ મિનિટ સુધી ૐનો જાપ મોઢેથી બોલીને કરવો. શ્વાસ અંદર લો તો, ૐ અને ઉચ્છવાસ કાઢો તો, પાછો ૐનો ઉદ્‌ગાર! આ રીતે, શ્વાસ અને ઉચ્છવાસની સ્વાભાવિક ગતિની સાથે સાથે ૐનો લયપૂર્વક જાપ કરતા રહેવું. જાપ કરતી વખતે શ્વાસ અને ઉચ્છવાસની સાથે સ્વરની ચઢ–ઊતરનું ધ્યાન રાખવું.
- ❐ ધ્યાન હૃદયપૂર્વક જ ધરવાનું હોય છે, કારણ કે, પરમાત્માનો નિવાસ પણ ત્યાં જ હોય છે.
- બાળકો! ૐકારનો જ જાપ શા માટે કરવો જોઈએ?

  ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે –

**ओमित्येकाक्षरं ब्र  व्याहरन्मामनस्मरन् ।**
**यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ।।** (ગીતા, ૮/૧૩)



જે લોકો 'ૐ ઈતિ' – માત્ર ૐ, જે પરબ્રહ્મ પરમાત્માનો પરિચાયક છે, તેનો જાપ કરતી વખતે મારું સ્મરણ કરે (એટલે કે, પરમાત્મસ્વરૂપ સદ્‌ગુરુના સ્વરૂપનું ધ્યાન) ધરતાં ધરતાં શરીરનો ત્યાગ કરે (એટલે કે, શારીરિક સંબંધો ત્યજીને પરમાત્માની આધ્યાત્મિક સ્થિતિ હાંસલ કરી લે), તે વ્યક્તિ પરમગતિ પામે છે. જીવતાં જીવ જ આ વસ્તુ પામી શકાય છે. સમગ્ર ગીતામાં પરમાત્મા શ્રી કૃષ્ણે ૐનો સાત વખત ઉલ્લેખ કર્યો છે અને કેવળ ૐનો જ જાપ કરવાનું સૂચવ્યું છે. આપણે તેમની જ વાત શા માટે અક્ષરશઃ ન માનવી જોઈએ? જ્યારે આપણે પરમાત્માના સનાતન અંશ છીએ, સંતાનો છીએ. – **ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।** (ગીતા, ૧૫/૭) આથી ૐનો જાપ કરો અને ઈષ્ટદેવ (સદ્‌ગુરુ)નું ધ્યાન ધરવું.

હકીકતમાં, પ્રભુ કે પરમાત્માનાં નામો અનંત છે. તેમની પ્રાર્થના, કીર્તન, તેમનાં ગુણોને યાદ કરીને ગવાતાં ભક્તિગીતો ગાતી વખતે તેમની વિભૂતિઓ, અનન્ય ભક્તો, અંશો, લીલાઓ યાદ કરીને સહિત તેમનાં હજ્જારો નામોનો પાઠ કરી શકાય છે. પરંતુ, ચિંતન અને જાપ તો માત્ર ૐનું જ કરવું જોઈએ.

- દરરોજ સવારે તમારાથી મોટા લોકો, માતા-પિતા અને ગુરુજનને આદરપૂર્વક પ્રણામ કરવા જોઈએ. ઘરનાં મોટી ઊંમરના લોકો અને વૃદ્ધજનોની સેવા કરવી અને મોટાંઓની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. આમ કરવાથી, તમારી ઉંમર, વિદ્યા, પ્રતિષ્ઠા અને બળમાં વધારો થશે.
- દરરોજ સવારે અથવા સાંજે 'યથાર્થ ગીતા'ના ચાર શ્લોકોનો અર્થ સમજીને, સ્વરબદ્ધ ગાતાં ગાતાં પાઠ કરવો.
- **દર અઠવાડિયે –**

❒ ગીતાનો એક શ્લોક મોઢે (કંઠસ્થ) કરવો.

❒ એક 'યથાર્થ ગીતા – અભ્યાસપુસ્તિકા' બનાવો અને તેમાં દર અઠવાડિયે ત્રણ શ્લોક હાથે લખો.

❒ આ અઠવાડિક કાર્ય તમારાં માતા-પિતા અને શાળામાં તમારા શિક્ષકને દેખાડજો અને તેમને મોઢે કરેલા શ્લોકો સંભળાવજો.

❒ શાળામાં, ઘરમાં અથવા પાડોશમાં તમારી સાથે ભણતા સહાધ્યાયીઓ તથા અન્ય મિત્રોની સાથે, દર અઠવાડિયે 'યથાર્થ ગીતા – જ્ઞાનગોષ્ઠી' આયોજિત કરજો. આ જ્ઞાનગોષ્ઠીમાં 'યથાર્થ ગીતા'નો સાથે મળીને પાઠ કરવો અને તેના વિશે અરસપરસ ચર્ચા ક્રીને તમારું જ્ઞાન વધારજો. આ કાર્યક્રમમાં તમારા શિક્ષકો અને માતા-પિતા તથા અન્ય સગાંસંબંધીઓને પણ આમંત્રિત કરીને તેમનાં માર્ગદર્શન તથા આશીર્વાદ મેળવજો.

- શાળામાં નિયમિતપણે હાજરી આપવી. ભણવા-ગણવામાં પૂર્ણપણે ધ્યાન આપવું અને શાળાનું રોજેરોજનું હૉમવર્ક પૂરું કરવું.
- ઉત્તમ તંદુરસ્તી અને શારીરિક સુદઢતા માટે દરરોજ શારીરિક પરિશ્રમ અને રમતગમતમાં ભાગ લેવો અને કસરત કરતા રહેવું.
- રાત્રે નવ વાગ્યા સુધીમાં સૂઈ જવું જોઈએ, જેથી વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગ્યે ઊઠી શકાય. રાત્રે સૂવાના અને વહેલી સવારે જાગવાના સમયનું પાલન કરવું. એમ કરવાથી તમારાં સર્વ કાર્યો વ્યવસ્થિતપણે થઈ શકશે.
- **આવશ્યક –** રાત્રે સૂતાં પહેલાં ઈષ્ટદેવનું ધ્યાન ધરવું તથા દસ મિનિટ સુધી ૐનો જાપ ઉપર જણાવ્યા અનુસાર કરતાં કરતાં નિદ્રાને ખોળે પોઢી જજો.

* * *

# સફળતા, સમૃદ્ધિ અને સાધનાનાં સૂત્રો

**પ્રિય વિદ્યાર્થીમિત્રો,**

'ગીતા' એક અદ્‌ભૂત ગ્રંથ છે. માનવ–જીવનનું એવું કોઈ જ પાસું નથી, જેને આ ન સ્પર્શતી નથી. આ સંસારની સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનું સરળ બનાવે છે. તમે સૌ અગાઉ જાણી ચૂક્યા જ છો કે, આર્યાવર્ત ભારતના સઘળા સ્મૃતિજ્ઞાનને સંકલિત કરીને અને તેને લિપિબદ્ધ કરીને મહર્ષિ વેદવ્યાસે પોતે જ સ્પષ્ટ કર્યું છે કે,

**'गीता सगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।'**

કર્તવ્ય–અકર્તવ્ય (એટલે કે, શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ) જેવી બાબતોના નિર્ધારણ માટે જ્યારે ગીતા જ એક શાસ્ત્ર તરીકે પ્રમાણ છે, તો પછી અન્ય શાસ્ત્રોની વિગતોમાં જવાની શી જરૂર છે? એટલે કે, શુભ સંસ્કારોના સર્જન અને સફળતા માટે જેવાં સદ્‌ગુણોની આવશ્યકતા હોય તે સઘળા ગીતામાં પૂર્ણપણે વર્ણવવામાં આવ્યા છે. તમારે બસ, તેનું અનુસરણ જ કરવાનું છે.

ગીતાના ઉપદેશક, શ્રી કૃષ્ણ કહે છે કે, આ સંસારમાં માણસો બે પ્રકારના સ્વભાવના હોય છે – દેવતાઓ જેવા અને દાનવો જેવા. જ્યારે માણસમાં દૈવી સ્વભાવ વધારે પ્રમાણમાં જોવા મળે તો, એ વ્યક્તિ દેવતાઓ જેવી હોય છે. તેનાથી વિપરિત, જ્યારે માણસમાં દાનવી સ્વભાવ અધિક પ્રમાણમાં દેખાય તે, તે માણસ દાનવો જેવો બને છે. આ વિશ્વમાં, માણસોની આ જ બે મુખ્ય જાતિઓ છે, અન્ય કોઈ ત્રીજી જાતિ છે જ નહીં.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, તમારે પણ દાનવી અથવા આસૂરી કે રાક્ષસો જેવી વૃત્તિ અથવા સ્વભાવને મનમાંથી દૂર કરીને, તમારા પોતાનામાં દૈવી સદ્‌ગુણો વધારવા માટે હમેશાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

### * દૈવી વૃત્તિઓની પ્રાપ્તિ કરો *

ગીતાના અધ્યાય ૧૬નાં શ્લોકો – ૧, ૨ અને ૩માં શ્રી કૃષ્ણે દૈવી વૃત્તિઓનું વર્ણન કર્યું છે. આ પ્રકારના સદ્‌ગુણો આંશિક રૂપે મારા–તમારામાં અને સર્વ લોકોમાં સમાયેલા છે.

### * દાનવી વૃત્તિઓને દબાવો *

ગીતાના અધ્યાય ૧૬ના શ્લોક ૪માં શ્રી કૃષ્ણે દાનવી વૃત્તિઓનું વર્ણન કર્યું છે.

દાનવી ગુણો છે – પાખંડ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કડવી અણગમતી વાણી અને અજ્ઞાન. આ પ્રકારના દુર્ગુણો થોડા ઘણા અંશે મારા–તમારામાં અને સર્વ લોકોમાં સમાયેલા હોય છે. એ દુર્ગુણો ઘટાડીને અને સદંતર કાઢી નાખીને, આપણામાં દૈવી વૃત્તિઓ વધે તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

### * ચારિત્ર્યની શક્તિ *

ચારિત્ર્ય માણસની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. મૃત્યુ પછી પણ માણસ પોતાના સારા ચારિત્ર્ય દ્વારા લોકોના મનમાં જીવંત રહે છે. ચારિત્ર્યવાન વ્યક્તિ જ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું નેતૃત્વ કરી શકે છે. આથી, જીવનમાં સર્વાંગીણ વિકાસ

સાધવા માટે તમારે સૌએ તમારું ચારિત્ર્ય શ્રેષ્ઠતમ બને તે માટે પ્રયાસ કરવા જોઈએ. તેમના અલૌકિક ચારિત્ર્ય થકી જ ભગવાન રામ, શ્રી કૃષ્ણ, મોઝીસ, ઈશુ, મોહમ્મદ પયગંબર, મહાત્મા બુદ્ધ, સ્વામી વિવેકાનંદ, સ્વામી પરમાનંદજી વગેરે સંતપુરુષો આજેય લોકોમાં સર્વત્ર પૂજાય છે.

ગીતાના ઉપદેશક, ભગવાન શ્રી કૃષ્ણે ઉત્તમ ચારિત્ર્ય દૃઢ થાય તે માટે દૈવી ગુણોનો ઉપદેશ તેમના અનુયાયી શિષ્ય અર્જુનની મારફત સમગ્ર માનવજાતને માટે આપ્યો છે, જે તમે સૌ ઉપર વાંચી ચૂક્યા છો. એ ઉપદેશ તમારે સહુને માટે પણ છે. એ ઉપદેશને જીવનમાં ઉતારવાથી જ શ્રેષ્ઠ ચારિત્ર્ય દૃઢ થાય છે.

- ચારિત્ર્ય દૃઢ કરવા માટે સૌ પહેલાં આપણા પોતાના દોષો શોધીને દૂર કરવા જોઈએ અને તે ફરીથી આપણામાં ન આવી જાય એ અંગે જાગૃત રહેવું જોઈએ.
- માણસ જન્મે ત્યારથી નિર્દોષ હોય છે; દુર્ગુણો જ તેમને દોષી બનાવતા હોય છે. જો આપણે આપણી જાતને દોષોથી મુક્ત કરી શકીએ તો (નિર્મળ થઈ શકીએ તો), આપણે બધા લોકોમાં પ્રિય થવાની સાથોસાથ, ભગવાનને પણ ગમવા લાગીશું.

## * વિચારવાની શક્તિ *

- કેવળ વિચારવાની શક્તિ જ માણસને અન્ય જીવો કરતાં અલગ અને વિશિષ્ટ બનાવે છે.
- માણસે પોતાની વિચારશક્તિ દ્વારા જ અધ્યાત્મ, દર્શન, ધર્મ, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, ગણિત, ચિકિત્સા, સાહિત્ય, કળા, સંગીત વગેરે વિદ્યાઓમાં વિકાસ સાધ્યો છે.
- વિચારોમાં જબરદસ્ત શક્તિ હોય છે. આપણે જેવું વિચારીએ, તેવા જ આપણે બની જઈએ છીએ. સારા વિચારો દ્વારા આપણે પ્રગતિ કરી શકીએ, જ્યારે ખરાબ અને ખોટા વિચારો દ્વારા આપણી અધોગતિ જ થાય છે.
- પ્રિય બાળમિત્રો, આ કારણસર જ વિચારો પ્રતિ સદૈવ જાગૃત રહેવું જોઈએ. આ માટે ગીતા જેવા સદ્‌ગ્રંથનો પાઠ કરવો જોઈએ અને સત્પુરુષોની સાથે સત્સંગ કરતા રહેવું જોઈએ. સત્સંગની કૅસેટ તથા સીડી સાંભળો. એક વાતનું ધ્યાન રાખજો; આપણે જેવું સાહિત્ય વાંચીએ, તેવા જ વિચારો આપણા મનમાં આવે છે અને તેના થકી જ આપણા સર્વ કાર્ય–વ્યવહારો અને ક્રિયાકલાપો પ્રભાવિત થતાં હોય છે. આથી, હમેશાં પ્રેરણાદાયી પુસ્તકો જ વાંચવાં જોઈએ.

## * મનની શક્તિ *

- માણસનું મન વિચારોનું કેન્દ્ર અથવા મૂળ હોય છે. વિચાર સૌ પહેલાં મનમાં ઉદ્‌ભવે છે, અને તે પછી, તેના મુજબ શરીરની અન્ય ક્રિયાઓ થતી હોય છે.
- તમે તમારા પોતાના જ મનના માલિક બનો, ગુલામ નહીં. એમ કહેવાય છે ને કે, 'જે મનથી હારી જાય, તે તનથી પણ હારી જાય' અને 'મન હોય તો માળવે જવાય'. જેણે પોતાના મન–મસ્તિષ્ક પર વિજય મેળવ્યો હોય તે જ ખરેખર વિજયી કહેવાય છે.
- મનની નિર્મળતા અને મનોબળની પ્રાપ્તિ માટે નિયમિતપણે પરમાત્માની પ્રાર્થના અને ૐનો જાપ કરવો જોઈએ.

## * સમયની શક્તિ *

- જીવનનો સમય સીમિત હોય છે; જેટલોય સમય છે, તે અમૂલ્ય હોય છે.
- આપણે આપણા સમયનો સદુપયોગ કરીને ઘણી મોટી સિદ્ધિઓ અને સફળતાઓ હાંસલ કરી શકીએ છીએ, પછી તે ભૌતિક સિદ્ધિ હોય કે આધ્યાત્મિક સિદ્ધિ.
- જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો જોઈએ. દરરોજનું સમય–પત્રક બનાવીને, તેનું પાલન કરીને આપણે આપણાં સર્વ કાર્યો વ્યવસ્થિતપણે કરી શકીએ છીએ.
- સમયના સૌથી મોટા દુશ્મનો છે – આળસ, ઊંઘ, બેદરકારી અને લપિયાવેડા જેને દીર્ઘસૂત્રીપણું પણ કહેવામાં આવે છે. આવી ખરાબ આદતોને જડમૂળથી ઊખાડીને કાઢવાની જરૂર છે.

  શ્રી પરમાનંદજીએ સાચું જ કહ્યું છે કે, 'આળસ, નિદ્રા અને બગાસાં ખાવાં, આ ત્રણેય આદતો ખાનાખરાબી જ નોતરે છે.'
- સમય ન તો કોઈની રાહ જૂએ છે કે, ન વિતેલો સમય પાછો ફરે છે. કહેવાય છે કે, 'જે વિતી ગયું તેને વિસારી દે અને આગળનું વિચાર.' માટે, આજથી જ અને અત્યારથી જ સમયનો સદુપયોગ કરવાનું શરૂ કરી દેજો.

## * ખરાબ વ્યસનોથી દૂર રહો *

- કોઈપણ પ્રકારની ખરાબ આદત અથવા લતનો શિકાર ન બનશો.
- પાન, બીડી, સિગારેટ, ગાંજો, શરાબ, તમાકુ, ગુટકા અને પાન–મસાલા વગેરે નશાખોર ઉત્પાદનોનો ઉપયોગ ન કરવો. જો તમને આવી વસ્તુઓની આદત હોય તે, મન મક્કમ કરીને આવી આદતો છોડવાનો પ્રયાસ કરજો. આમ કરવાથી તમે સર્વ પ્રકારના શારીરિક અને માનસિક રોગોથી બચી શકશો.
- જો તમારી સાથે ભણતો કોઈ વિદ્યાર્થી અથવા તમારો મિત્ર આવી નશાકારક વસ્તુઓની આદતો ધરાવતો હોય તો, તેની આદત છોડાવવાનો પ્રયાસ કરવો અથવા તેવા મિત્રનો સંગાથ છોડી દેવો.
- સારા, વિચારવંત, સંસ્કારી લોકોની સાથે જ સંબંધ રાખવા જોઈએ અને સારી વ્યક્તિઓની સાથે જ મિત્રતા રાખવી જોઈએ. ખરાબ લોકોનો સંગાથ છોડી દેવો. માણસના જીવનમાં સાથ–સંગાથનો ભારે પ્રભાવ પડે છે. કહેવાય છે ને કે, 'જેવી સંગત, તેવી જ રંગત.' માટે જ સારા લોકોનો સંગાથ કેળવવો, દુર્જનો સાથે મિત્રતા ન કરવી. હમેશાં સજ્જનોની સંગત દ્વારા જ આપણામાં પણ સારા અને શુભ સંસ્કારો ઉદ્ભવે છે.

* * *

# બ્રહ્મચર્યનું પાલન કરો

- લક્ષ્ય, બ્રહ્મ, ઈષ્ટની પ્રાપ્તિ માટે મન અને શરીરની દસેય ઈન્દ્રિયોનો સંયમ જ બ્રહ્મચર્ય કહેવાય છે. બ્રહ્મચર્યનું પાલન કરનારને બ્રહ્મચારી તરીકે ઓખળવામાં આવે છે.
- આ ઈન્દ્રિયોમાં મુખ્ય વિષય છે – કામવાસના. મન સહિત ઈન્દ્રિયો એ તરફ વિના પ્રયાસે આકર્ષિત થયા કરતી હોય છે, જે હમેશાં માણસને અસ્થિર બનાવતી હોય છે. કામવાસના જ્યારે માણસના મન–મસ્તિષ્ક પર કબજો લઈ લે ત્યારે તે તેના હેતુમાં સફળ થાય છે, પણ આધ્યાત્મિક સાધના માટે દુશ્મન બની જાય છે.
- દૃઢ ઈચ્છશક્તિ અને સંયમ દ્વારા જ એ વશમાં રહે છે.

### નીચે જણાવેલી બાબતોનું હમેશાં ધ્યાન રાખવું

- મન કદાપિ સ્થિર નથી રહેતું; હમેશાં કંઈને કંઈ વિચાર્યા કરતું હોય છે. મનની ઉપર સતત દેખરેખ રાખવી જોઈએ, અશુભ વાતો પરના ચિંતનને, શુભ બાબતો પર ચિંતન કરીને બદલો.
- મનમાં કામવાસનાનો વિચાર આવે કે ચિંતન ઉદ્ભવે કે તરત જ સાવધાન થઈ જવું; આવા ચિંતન–ક્રમને તરત જ તોડી નાખવું, નહીંતર અન્ય ઈન્દ્રિયોના સહયોગથી તે તમને પણ વહેડાવીને લઈ જશે. આમ ચિંતનની શ્રૃંખલાને  તોડવા માટે તમે જે સ્થાને હો. ત્યાંથી અન્ય સ્થાને ચાલ્યા જવું જોઈએ, કોઈ બીજા કામમાં ચિત્ત પરોવવું જોઈએ, સદ્ગ્રંથ 'ગીતા' વાંચવી, ઈષ્ટદેવનું સ્મરણ કરવું અને ૐનો જાપ કરવો.
- અશ્લીલ દૃશ્ય, ફિલ્મ અને ટી.વી. કાર્યક્રમો ન જોવાં. અશ્લીલ પુસ્તકો અથવા મૅગેઝિન વાંચવાં નહીં. ઈન્ટરનેટ પર ન તો અશ્લીલ ચૅટિંગ (વાતચીત) કરવી કે ન અશ્લીલ સાઈટ પર જવું.
- જુગુપ્સાપ્રેરક નૃત્ય, ગીત–સંગીત કાર્યક્રમોમાં ભાગ ન લેવો.
- બધા વિદ્યાર્થીઓ, પુરુષો અને મહિલાઓએ શાળા, વિદ્યાલય, સાર્વજનિક આયોજન, મહાપુરુષોની સાથે સત્સંગ અને આશ્રંમ વગેરેમાં સંસ્કારીપણે વર્તવું જોઈએ અને સંસ્કારને છાજતાં વસ્ત્રો પહેરવાં જોઈએ અને અન્ય લોકોને પણ તેમ કરવાનું કહેવું જોઈએ. આ રીતે તમે તમારા પોતાના અને અન્ય લોકોના કલ્યાણમાં મદદરૂપ થઈ શકો છો.
- **પોતાના મનને દૃઢ રાખવું –**

❐ **संतन के चित पै   के, लखा दीख सब मात। की भगिनी समदर्श हैं, की पत्री सम गात।।**

**ભાવાર્થ –** સંતોના ચિત્તમાં પ્રવેશીને જોવામાં આવ્યું છે કે, સ્ત્રીઓ તરફ તેમણે જ્યારેય નજર માંડી ત્યારે તેમને તેમાં માતાનું જ દર્શન થયું અથવા બહેન કે પુત્રી તરીકે જ તેમનાં અંગો જણાયાં. અધ્યયન, સાધન ામાં વ્યસ્ત વ્યક્તિ, સ્ત્રીઓને આવી જ દૃષ્ટિથી નિહાળે છે.

**– સ્વામી અડગડાનંદજી મહારાજ**
(શંકા સમાધાન, જ્ઞાનગંગા – ૩૩)

- **मातृवत् परदारेष परद्रव्येष लोष्ठवत् ।** – પરાઈ સ્ત્રીને માતા–સમાન અને બીજાના ધનને માટીના ઢેફા જેવું જ સમજો.
- કોઈપણ સુંદર સ્ત્રી નજરે ચડે તો, તેનામાં પણ માતાનું જ દર્શન કરે, મનોમન તેને પ્રણામ કરો. તમારા મનમાં વિકાર નહીં ઊઠે.

**– શ્રી રામકૃષ્ણ પરમહંસ**

## વિદ્યાર્થીનીઓ અને મહિલાઓનું કર્તવ્ય –

- કોઈપણ પુરુષ તરફ આકર્ષિત ન થવું. તેમને તમારા પિતા, ભાઈ અથવા પુત્રના રૂપે જ જૂઓ.મનને સતત નિયંત્રણમાં રાખવું, પર–પુરુષનો સ્પર્શ ન કરવો, અને ન કરવા દેવો.

  વડિલો, શ્રેષ્ઠ પુરુષો અને સંતોના ચરણોને સ્પર્શ કરીને પ્રમામ અથવા નમસ્કાર ન કરવા. આદર સહિત ઝૂકીને દૂરથી જ પ્રણામ (નમસ્કાર) કરવા.

* * *

# આત્મોન્નતિ માટે સોનેરી સૂક્તિઓ

- નિયમિત અને સંયમિત દિનચર્યા સુખી જીવનનો આધાર છે.
- મનને વશમાં રાખો, ઈચ્છાઓને નિયંત્રિત કરો અને લક્ષ્ય પ્રતિ હમેશાં જાગૃત રહેવું.
- બુદ્ધિ અને વિવેકથી કામ કરનાર સદાયને માટે ઉન્નતિના પંથ પર આગળ વધે છે.
- સંયમશીલ જીવન જ ઉન્નત બને છે. વિપત્તિ જ સંપત્તિ બની જાય છે. સંસારના બધા મહાન પુરુષોએ જીવનનાં સંઘર્ષ તથા મુશ્કેલીઓનો દૃઢતાપૂર્વક સામનો કર્યો છે અને સફળતા મેળવી છે.
- સમજદારી, જવબાદારી, ઈમાનદારી તથા બહાદૂરીપૂર્વક જીવન જીવવું જોઈએ.
- સાત્ત્વિક ભોજન કરવું. દૂધ, દહી, અને ઘી નિયમિતપણે ખોરાકમાં લેવાં. બ્રહ્મચર્યનું પાલન કરવું.
- વ્યસ્ત રહો, મસ્ત રહો, સ્વસ્થ રહો. સલાહ લો, સન્માન આપો. સુખ વહેંચો, દુઃખમાં ભાગ લો.
- પરિશ્રમી, અધ્યયનશીલ, વિનમ્ર, મિષ્ટભાષી, શિષ્ટ અને ચારિત્ર્યવાન વ્યક્તિ જ સફળતા પ્રાપ્ત કરે છે.
- હમેશાં આશાન્વિત તથા પ્રસન્નચિત્ત રહો. પુરુષાર્થી બનો, ભાગ્યવાદી નહીં. સતત પુરુષાર્થ દ્વારા દુર્ભાગ્યને નષ્ટ કરો તથા સુભાગ્યનું સર્જન કરો.
- સ્વાધ્યાય દ્વારા ગીતા દ્વારા વર્ણવવામાં આવેલી સાધના-પદ્ધતિ અપનાવો. સ્વાધ્યાય એટલે, 'યથાર્થ ગીતા' ત્રણ-ચાર વાર વાંચવી અને થોડા થોડા વખતે તેનાં અલગ અલગ પાનાં વાંચતા રહેવું. સાધન ।માં લાગી જાઓ. સર્વ પ્રકારની સફળતાઓ હાંસલ કરી શકશો.

આ સૂત્રોનું પાલન કરવાથી તમારામાં શુભ સંસ્કારનું સિંચન થશે. તમારી અંદર શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક અને સર્વોપરી આધ્યાત્મિક શક્તિઓ વિકસશે. તમારું જીવન સુખ-સમૃદ્ધિસભર બનશે. તમે તમારા સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના મહાન નાગરિક બની શકશો.

* * *

**યથાર્થ ગીતામાંથી ...**

શ્રી કૃષ્ણના કહેવા મુજબ, મહાપુરુષો જ કર્મનું માધ્યમ હોય છે, ન કે પુસ્તકો. પુસ્તકો તો કેવળ સૂત્ર અથવા ફોર્મ્યુલા જ છે. દવાની ફોર્મ્યુલા ગોખવાથી કોઈ નિરોગી ન થઈ શકે. તે માટે તો, દવા જ લેવી પડે અથવા સૂત્રને અમલમાં લાવવું પડે.

॥ ૐ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ ॥

# ગુરુ-મહિમા

**रामकृष्ण से को बड़ा, तिन्हहु तो गुरु कीन ।**

**तीन लोक के धनी, गुरु आज्ञा अधीन ।।**

ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણથી પણ સર્વાધિક પૂજનીય કોણ છે? એ લોકો પણ માણસો જેવું જ શરીર ધરાવતા હતા. તેમણે પણ ગુરુ વિશ્વામિત્ર, વશિષ્ઠજી તથા સાંદિપની મુનીનું શરણ સ્વીકારીને લૌકિક અને પારલૌકિક વિદ્યાઓ શીખીને માનવમાંથી મહામાનવ અને પુરુષમાંથી મહાપુરુષની આધ્યાત્મિક સ્થિતિ હાંસલ કરી હતી.

આથી, બાળકો! સદ્‌ગુરુનું શરણ, તેમની સેવા તથા તેમની આજ્ઞાનું પાલન કરવાથી સર્વ પ્રકારની વિદ્યા મેળવી શકાય છે. એ તમને સામર્થ્યવાન, વિદ્યાવાન અને મહાન બનાવે છે.

**धन्या माता, पिता धन्यो, गोत्रं धन्यं कुलोद्‌भवः ।**

**धन्या च वसुधा देवी यत्र, स्याद्‌गुरुभक्तता ।।**

જેમનામાં ગુરુ પ્રતિ ભક્તિ હોય, તેની માતાને ધન્યવાદ આપવા ઘટે, તેના પિતા પણ ધન્ય છે, તેમનો વંશ પણ ધન્ય છે, તેના વંશમાં જન્મ લેનારી વ્યક્તિઓ પણ ધન્ય છે, અને સમગ્ર જગત ધન્ય છે.

* * *

## વિશ્વની મહાનતમ સંસ્કૃતિ 'ભારત'ની ગુરુ–શિષ્ય પરંપરા



ગુરુ વશિષ્ઠજીનાં પાવન ચરણોમાં ભગવાન શ્રી રામ

ગુરુ સાંદિપનીજીનાં પાવન ચરણોમાં ભગવાન શ્રી કૃષ્ણ





ગુરુ શ્રી પરમાનંદજીનાં પાવન ચરણોમાં સદ્‌ગુરુ શ્રી અડગડાનંદજી

॥ ૐ શ્રી પરમાત્મને નમ : ॥

# ગૌરવશાળી ઈતિહાસ ગ્રંથ 'મહાભારત'


**પ્રિય વિદ્યાર્થી મિત્રો,**

મહર્ષિ વેદવ્યાસ દ્વારા સંકલિત કરવામાં આવેલો ઐતિહાસિક ગ્રંથ 'મહાભારત' આર્યાવર્ત ભારતનો પ્રામાણિક ઈતિહાસ છે. એમાં સૃષ્ટિના આરંભથી લઈને દ્વાપર યુગ સુધીની (આજથી પ૨૦૦ વર્ષ પહેલાં શ્રી કૃષ્ણના સમય સુધી) ભારતની સામાજિક સ્થિતિ અને સંસ્કૃતિનું વિવરણ આલેખાયેલું છે. માનવજીવનનું એકેય પાસું એવું નથી કે, જેની ચર્ચા ન કરવામાં આવી હોય. એવી કોઈ બાબત જ નથી, જેનો મહાભારતમાં ઉલ્લેખ ન કરવામાં આવ્યો હોય, ચાહે તે લોકનીતિ, રાજનીતિ, યુદ્ધનીતિ, વ્યવહાર નીતિ, જીવનદર્શન, અધ્યાત્મ અને ધર્મ !



ભારતીય ઋષિ-મુનિઓના સત્યની શોધ (સત્ય – એકમેવ પરમાત્માની શોધ) કરવાના પ્રયાસો, આધ્યાત્મિક સાધના અને ઈશ્વરને કઈ રીતે પ્રાપ્ત કરવા, તે અંગેની સર્વ બાબતો તેમાં આપવામાં આવી છે. મહાભારતમાં વર્ણવવામાં આવેલી બધી નાની-મોટી કથાઓ અને પ્રસંગો ખરાં છે, અને આપણા પૂર્વજોની કીર્તિમાનો છે. આપણે સર્વ એ જ પૂર્વજોના વંશજો છીએ.

મહર્ષિ વેદવ્યાસ દ્વારા એક લાખ શ્લોકોમાં સંકલિત 'મહાભારત'ના છઠ્ઠા પ્રકરણ, 'ભીષ્મપર્વ'માં વર્ણિત ૭૦૦ શ્લોકો ધરાવતી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' આપણા સહુનું ધર્મશાસ્ત્ર છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, સત્ય શું છે અને તેને કઈ રીતે મેળવી શકાય. આ મહાજ્ઞાન 'ગીતા'ની થોડીઘણી માહિતી આ પુસ્તિકાની શરૂઆતમાં આપવામાં આવી છે. સંપૂર્ણ માહિતી, ગીતાભાષ્ય 'યથાર્થ ગીતા'માં પ્રસ્તુત છે.



ઈતિહાસ માનવ પેઢીઓની સુખ–દુઃખનાં પ્રસંગો સંકલિન ધરાવતો હોય છે, જ્યારે ધર્મ અનંત જીવન, શાશ્વત શાંતિ, પરમાત્માનું પરમ ધામ પામવામાં મદદ કરે છે અને આવનારી પેઢીઓને માર્ગદર્શન આપે છે. જ્યાં ધર્મ હોય ત્યાં જ વિજય હોય છે – **'यतो धर्मस्ततो जयः'**.

'ગીતા' દરેક માણસ માટે યોગર્શન છે. યોગ એટલે મિલન. આ શાસ્ત્ર, પરમપિતા પરમાત્મા સાથે મેળાપ કરાવનારી વિદ્યા ધરાવે છે. ભગવાન શ્રી કૃષ્ણને ખબર હતી કે, સાંસારિક યુદ્ધમાં વિજયી નીવડનારને પણ સદાકાળ રહે તેવી જીત મળતી નથી; ચાહે તે કોઈ ચક્રવર્તી સમ્રાટ જ હોય! આ કારણે, તેમણે તેમના અનન્ય મિત્રસમાન શિષ્ય અર્જુન મારફત 'ગીતા'નો ઉપદેશ આપીને સદાય રહેનારી જીત મેળવવા વિશેનું જ્ઞાન દરેક માણસને મળી શકે તે રીતે પ્રસ્તુત કર્યું છે.

મહાભારતનું જગપ્રસિદ્ધ ઐતિહાસિક યુદ્ધ કુરૂક્ષેત્રના મેદાનમાં લડાયું હતું. અંદાજે છ અબજ લોકો એ યુદ્ધમાં મૃત્યુ પામ્યા હતા. વિજેતા સમ્રાટ યુધિષ્ઠિરને શાંતિ ન મળી. તેમણે રાજપાટ વગેરે બધું જ ત્યાગી દઈને હિમાલયની વાટ પકડી. યુદ્ધની શરૂઆતમાં મળેલો 'ગીતા'નો ઉપદેશ તેમના મનમાં ઘુમી રહ્યો હતો. તેઓ અધ્યાત્મની પ્રાપ્તિ માટે ધ્યાન ધરવા નીકળી ગયા.

દુર્યોધનનો એક ભાઈ, યુયુત્સુ યુદ્ધની શરૂઆત થાય તે પહેલાં જ પાંડવોના પક્ષે આવી ગયો હતો. મહારાજા યુધિષ્ઠિરને વનમાં જતા જોઈને તેણે પૂછ્યું, ''ભાઈ, તમે આમ ક્યાં જાઓ છો? ચક્રવર્તી સમ્રાટો માટેના આ રત્નજડિત સિંહાસન ઉપર કોણ બેસશે?'' મહારાજા યુધિષ્ઠિરે કહ્યું, ''એમ કર યુયુત્સુ, તું જ એની ઉપર બેસ અને જો તો ખરો કે, તેમાં શું સુખ મળે છે? આખરે, આટલો માનવ–સંહાર પણ આના માટે જ તો કરવામાં આવ્યો છે ને!'' યુયુત્સુએ કહ્યું, ''ભાઈ! આ તો મને ક્યારેય ન જોઈએ!'' ત્યારે મહારાજ યુધિષ્ઠિર બોલ્યા, ''પૌત્ર પરીક્ષિત અહીં ક્યાંક રમતો હશે. એને બેસવાનું કહેજો. એ બેસે તો ઠીક છે, નહીંતર છોડને આની ચિંતા! કારણ વગર આવી નાશવંત વસ્તુ માટે શા માટે રોવું અને જીવ બાળવો?'' આટલું બોલીને તેઓ 'ગીતા'એ દર્શાવેલા ભજનના પંથે ચાલી નીકળ્યા.

આ રીતે 'મહાભારત' આર્યાવર્ત ભારતના ઈતિહાસની સાથે સાથે ત્યારની સામાજિક સંસ્કૃતિનું પણ શાસ્ત્ર છે, અને તેથી જ, તેના પ્રકરણમાં સંકલિત 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' આપણું ધર્મશાસ્ત્ર છે.


* * *

# મહાભારત તથા ગીતાના શિક્ષાપ્રદ પ્રેરક પ્રસંગો

તમે બધા વિદ્યાર્થી મિત્રોની જ્ઞાનમાં વધારો કરવા માટે, મહાભારત અને ગીતાના કેટલાક શીખામણ આપતા પ્રેરક પ્રસંગો રજૂ કરવામાં આવી રહ્યા છે. આ સર્વ કથાઓ, વૃત્તાન્ત અને દૃષ્ટાંત પૂજ્ય ગુવદેવ શ્રી અડગડાનંદજી મહારાજના પ્રવચનોમાંથી એકત્ર કરવામાં આવ્યાં છે, જે તેમના પાવન મુખેથી ઉચ્ચારાયેલી વાણી છે.

તેમની રુચિકર, ઉપદેશાત્મક અને ભાવનાત્મક વાણીમાં આ સર્વ પ્રસંગો સજીવ બની જાય છે, મનની આંખો સામે ફિલ્મની જેમ જીવંત થઈ ઊઠે છે. તેમની વાણીને શબ્દશઃ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે કે, આ શીખામણ રૂપ પ્રેરક પ્રસંગો તમે સૌ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને આધ્યાત્મિક સાધનામાં મદદરૂપ નીવડશે. તેમાંથી બોધપાઠ લઈને તમે તમારા જીવનમાં સુખ-શાંતિ, તંદુરસ્તી, સમૃદ્ધિ વગેરે સર્વ કંઈ મેળવી શકશો.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, મહાભારત અને ગીતાના શિક્ષણાત્મક અને પ્રેરક પ્રસંગોની એક શ્રેણી, આ પુસ્તિકાના ભાગ-૧માં આપવામાં આવી છે. કૃપા કરીને આ પ્રેરક પ્રસંગો માટે ભાગ-૧ ચોક્કસ વાંચજો. તમને પ્રેરણા મળશે.



## પ્રેરક પ્રસંગ-૧

# 'ગીતા' નું નિયમિત અધ્યયન અને શ્રવણ કરો.

'ગીતા'ના અઢારમાં અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે, ''અર્જુન, આપણી વચ્ચેની આ વાતચીત કે સંવાદ, અર્થાત્, 'ગીતા' જે કોઈ વાંચશે અથવા મારા ભક્તોને કહેશે, તેનાથી વધુ સારું કામ કરનાર મારો અન્ય કોઈ શિષ્ય હોઈ નહીં શકે. જે કેવળ સાંભળી જ લેશે, તે પણ પુણ્યલોક પામી શકશે. જે આચરણ અથવા સાધનાનો અભ્યાસ કરશે તે, મને પામી શકશે.'' (સંપૂર્ણ માહિતી માટે વાંચો – યથાર્થ ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૬૮થી ૭૧).

ઉદાહરણ – મહાભારતનું સૌથી મોહાંધ પાત્ર, મહારાજ ધૃતરાષ્ટ્ર છે. રાજ્ય તેમનું હતું જ નહીં, પરંતુ, પુત્રમોહમાં પાંડવોને તેમના અધિકારથે વેગળા રાખવા માટે તેઓ હમેશાં ષડયંત્રો ઘડવામાં જ વ્યસ્ત હતા, પણ દેખાડો કરવા માટે, 'મારા વહાલા નાના ભાઈના પુત્રો, મારા પ્રિય અનુજપુત્રો', એમ કહેતા રહેતા હતા, પણ તેમણે એકેયના માથે મમતાથી હાથ પસવાર્યો નહોતો.

વનવાસના દિવસો પૂરા થઈ ગયા હતા, જે પાંડવોને તેમનું રાજ્ય પાછું સોંપવાની શરત હતી. ધૃતરાષ્ટ્રે સંજયને કહ્યું, ''જાઓ, પ્રિય યુધિષ્ઠિરનું મસ્તક વહાલથી સુંઘજો અને મારા તરફથી પ્રેમ પ્રગટ કરીને કહેજો કે, દુર્યોધન દુષ્ટ છે, દુરાગ્રહી છે; મારી વાત માનતો નથી. અડધું રાજ્ય તો શું, એ પાંડવોને પાંચ ગામ સુદ્ધાં આપવા તૈયાર નથી. તું તો સમજદાર છો; ભાઈ–ભાઈ વચ્ચે ઝગડા થાય તે સારું ન કહેવાય. તમે જંગલમાં જ રહી જાઓ. બાકી, હવે તો તમને સૌને જંગલમાં જ રહેવાની આદત પડી ગઈ હશે. દરેક પરિસ્થિતિમાં શાંતિ જળવાય તે જ ઉચિત છે. તમારા મોટા કાકાની પણ આવી જ અપેક્ષા છે.'' આટલા મોહાંધ હતા ધૃતરાષ્ટ્ર.

મહાભારતના વિજય પછી, મહારાજ યુધિષ્ઠિરે તેમને સન્માનપૂર્વક સિંહાસન પર બેસાડ્યા અને સેવા કરતા રહ્યા. પંદર વર્ષ પછી તેઓ અડધી રાત્રે મહેલ છોડીને ક્યાંક ગાયબ થઈ ગયા. થોડા દિવસો પછી સાંભળાવામાં આવ્યું કે, તેઓ હરિદ્વારમાં એક ઝાડની નીચે બેસીને ભજન કરી રહ્યા છે. છ મહિના પછી મહારાજ યુધિષ્ઠિર તેમને મળવા ગયા. તેઓ દેખાણા તો ખરા, પણ એ જ સમયે તેમણે દેહત્યાગ કર્યો હતો. તેઓ સતત ભજન કરતા હતા અને સંજય મારફત તેઓ ગીતા સાંભળી ચૂક્યા હતા. આવા પાપીનો અંત તો દુઃખદ હોવો જોઈએ, પહાડ પરથી ગબડીને તેનું મૃત્યુ થવું જોઈતું હતું; પણ ભજન કરતાં કરતાં, તેમનો પ્રાણ છૂટ્યો. આ જ છે, ગીતા સાંભળવાનું આટલું મોટું ફળ, મહાત્મ્ય!

* * *



# અભિમાની ન બનવું જોઈએ.

વિદ્યાના અધ્યયન પછી અર્જુન પોતાની તીરંદાજીની કુશળતા માટે ભારે ગર્વ અનુભવતો હતો. ફરતાં ફરતાં એક વખત તે રામેશ્વરમ્ તરફ નીકળી ગયો. ત્યાં તેને એક નાનો વાંદરો દેખાયો. અર્જુને તેને પૂછ્યું, ''આ વળી



કયો પુલ છે.'' વાનરે કહ્યું, ''આ તો શ્રી રામસેતુ છે.'' અર્જુને કહ્યું, ''શ્રી રામ તો ઘણા વિખ્યાત બાણાવળી હતા, તે પછી આટલા બધા પથરા નખાવીને આવો પુલ બનાવડાવવાની શી જરૂર હતી? હું હોત તો, બાણ વડે જ એક પુલ બનાવી દેત.'' વાનરે જવાબ આપ્યો, ''એ યુગના વાનરો ભારે તાકાતવાળા અને કદાવર શરીરના હતા. બાણનો પુલ તેમનો ભાર કેવી રીતે સહી શકત? હું પણ પ્રભુ શ્રી રામનો જ એક વાનર છું. તમે પુલ બનાવો, હું તેની પરીક્ષા અત્યારે જ કરી દઈશ.'' અર્જુને તરત જ દિવ્યાસ્ત્રોનો એક પુલ બનાવી દીધો. હનુમાનજીએ જેવો પોતાનો પગ મૂક્યો કે તરત જ ભરરરર કરતો પુલ ભાંગીને સમુદ્રના તળિયે જઈ પહોંચ્યો. હનુમાનજી તરીને બહાર આવી ગયા ને બોલ્યા, ''ભાઈ આ પુલ તો તૂટી ગયો!''

અર્જુનને બહુ જ દુઃખ થયું. હવે તો તેની ઈજ્જત દાવ પર લાગી હતી. ભગવાનને પ્રાર્થના કરતાં તેણે માનતા માની કે, જો હવે પુલ તૂટી પડશે તો, એ જાતે જ બળી મરશે.અર્જુને ફરીથી દિવ્યાસ્ત્રોનું આહ્વાન કરીને મંત્રો બોલીને પુલ બનાવી દીધો. પુલને જોઈને હનુમાનજીએ પોતાના શરીરનું કદ વધારવા માંડ્યું. એ જોઈને અર્જુનને ખાતરી થઈ કે, હવે તેણે જાતે બળી મરવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. હનુમાનજી નવા પુલ પર થોડેક દૂર સુધી ચાલ્યા, થોડા કૂદકા અને ઠેકડા માર્યા, પરંતુ પુલ તૂટ્યો જ નહીં. તેમને આશ્ચર્ય થયું. એટલામાં સમુદ્રમાં લોહીની ધાર વહેતી દેખાઈ. હનુમાનજી કૂદકો મારીને કિનારે આવી ગયા. પુલની નીચે જોયું તો, ભગવાન પુલને પીઠ પર ધરીને ઊભા હતા, તેમની પીઠમાંથી લોહી વહી રહ્યું હતું. હનુમાનજી ભગવાનના ચરણોમાં પડ્યા ને બોલી ઊઠ્યા, ''પ્રભુ શ્રી રામ, તમે અહીં!'' અર્જુન પણ ભગવાનના ચરણે પડીને બોલ્યો, ''હે કેશવ, તમે!'' (હનુમાનજીને શ્રી રામ દેખાતા હતા, જ્યારે અર્જુનને શ્રી કૃષ્ણનું દર્શન થતું હતું.) ભગવાને કહ્યું, ''અર્જુન, આમને પ્રણામ કર. આ છે, બજરંગબલી, હનુમાનજી. વળી આજથી અભિમાન કરતો નહીં.''

વીરતા, બુદ્ધિમત્તા, શિક્ષણ, ધન અને બળની કોઈ જ સીમા નથી. માટે, વિદ્યાર્થીઓએ અભિમાન ત્યાગી દઈને તેમની શક્તિઓનો ઉપયોગ સદુપયોગો માટે કરવો જોઈએ.

* * *

# બ્રહ્મચર્યમાં અસીમ શક્તિ છે.

**પહેલું ઉદાહરણ –**

હિમાલયની કંદરાઓમાં ફરતાં ફરતાં અલકનંદા નદીમાં કમળનું એક પુષ્પ મળ્યું, જે તેણે દ્રૌપદીને લાવીને આપ્યું. દ્રૌપદીએ કહ્યું, ''પ્રિય ભીમ, આ તો વિલક્ષણ સહસ્રદળ કમળ છે. જો આ નદીમાં વહેતું વહેતું આવ્યું છે તો, ઉપરવાસમાં ચોક્કસપણે તેનું ઉદ્ગમસ્થાન હશે. એક તાજું ફૂલ લઈ આવો, જેથી તે હું મહારાજ યુધિષ્ઠિરને ભેટ આપી શકું.'' ભીમ નદીના ઉદ્ગમસ્થાન તરફ ચાલવા લાગ્યો.



બે પર્વતોની વચ્ચે, નદીના સાંકડા માર્ગ પર એક વાનર આડો સૂતો હતો. એણે પૂંછડી ફેલાવીને રસ્તો અટકાવી રાખ્યો હતો. ભીમે તેને પૂંછડી સમેટવા માટે જણાવ્યું. એ બોલ્યો, ‘‘ભાઈ મારી તબિયત ખરાબ છે. હું ઊઠી નહીં શકું. તારે આગળ જવું હોય તો, આ પૂંછડીને ઓળંગીને જા અથવા તેને બાજુ પર મૂકી દે.’’ ભીમને ગુસ્સો ચડ્યો; તેને થયું આને ડાબે હાથે ઊંચકીને પહાડની પેલે પાર જ ફેંકી દઉં, પણ તેનાથી પૂંછડી હલાવી ન શકાઈ. પછી તેણે જમણે હાથે પ્રયાસ કરી જોયો, ફરી બંને હાથે ઊંચકવાનો પ્રયાસ કર્યો, પણ છેવટે હારી–થ ાકી જઈને, પરસેવાથી લથબથ થઈ ગયો, પણ તોય તેનાથી પૂંછડી હલી નહીં. ભીમ હાથ જોડીને બેસી ગયો, ‘‘ભગવાન, આપ કોણ છો? તમે કોઈ સામાન્ય વાનર તો લાગતા નથી. કૃપા કરીને મને તમારો પરિચય આપો.’’

વાનરે કહ્યું, ‘‘હું પવનપુત્ર હનુમાન છું.’’ ભીમે કહ્યું, ‘‘હું વાયુપુત્ર ભીમ છું.’’ એક જ પિતાના બંને પુત્રો હતા. નાનો ભાઈ મોટા ભાઈની પૂંછડી હટાવી શકતો નહોતો, કારણ કે, હનુમાનજી અખંડ બ્રહ્મચારી હતા, જ્યારે ભીમ તો પરણેલો હતો.

બ્રહ્મચર્યમાં અસીમ, અમાપ શક્તિ હોય છે. સૃષ્ટિમાં સર્વોપરી બળ બ્રહ્મચર્યનું બળ હોય છે. પ્રત્યેક બાળક–બાલિકામાં ઈન્દ્રિયોનું મજબૂત સંયમ હોવું જોઈએ. મનના વિચારોની શુદ્ધતાથી જ આમાં સફળતા હાંસલ થાય છે. ‘ગીતા’ના વાંચનથી મનના વિચાર શુદ્ધ થાય છે.

**બીજું ઉદાહરણ –**

ભિષ્મ પિતામહ અખંડ બાળ બ્રહ્મચારી હતા. જ્યારે તેમના શિક્ષણ–ગુરુ, પરશુરામજીએ આદેશ કર્યો, ‘‘કાશીરાજની આ કન્યા, અંબાની સાથે લગ્ન કરી લે.’’ પોતાના બ્રહ્મચર્યના વ્રતના રક્ષણને કાજે ભિષ્મે પરશુરામના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. પરશુરામને અત્યંત ક્રોધ ચડ્યો. તેમણે ભિષ્મને પડકાર ફેંક્યો, ‘‘મારી સાથે યુદ્ધ કર.’’ ભિષ્મ તેમના ચરણે પડ્યા, યુદ્ધ કર્યું અને છેવટે તેમને હરાવ્યા. પછી તેમને પરશુરામના આશીર્વાદ પણ મળ્યા. મહાભારતના સંગ્રામમાં લગભગ પોણા ત્રણ અબજ યોદ્ધાઓએ યુદ્ધમાં ભાગ લીધો હતો. એટલા જ બીજા યોદ્ધાઓ પણ હતા. તેઓ  પણ લડ્યા હતા. પરંતુ, એ સર્વમાંથી કોઈપણ ભિષ્મની તોલે આવે તેવો નહોતો.

ઈશ્વરીય પથ પર ચાલનારાઓનું સમગ્ર બળ બ્રહ્મચર્યથી જ હોય છે. વિદ્યાર્થીઓનું બળ પણ બ્રહ્મચર્ય છે અને તેમનો શિક્ષણનો સમય જ બ્રહ્મચર્ય આશ્રમ છે. એ પછી લગ્ન થતાં, ગૃહસ્થાશ્રમ (વૈવાહિક જીવન)નો આરંભ થાય છે. બ્રહ્મચર્ય વ્રતના પાલનમાં દઢતા પ્રાપ્ત કરવા માટે એક પરમાત્માનું સ્મરણ અને નિત્ય ૐનો જાપ કરવો જોઈએ.

* * *

## પ્રેરક પ્રસંગ-૪

# ધર્મ જ સફળતાની ચાવી છે.

જીવન એક સંગ્રામ છે. આમાં એ જ વ્યક્તિ સુરક્ષિત, અવિનાશી અને વિજયી નીવડે છે, જે ધર્મ પર આસ્થા ધરાવે છે, એક પરમાત્માને શરણે છે. ધર્મપરાયણ મનુષ્ય હમેશાં ભગવાનના, આશીર્વાદ અને વરદાન વરસાવતા હાથ હેઠળ હોય છે. ધર્મ જ તેમનું બળ હોય છે. પાંડવો પર જ્યારે જ્યારે સંકટનાં વાદળ ઘેરાયાં, ત્યારે ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે સહુને બચાવી લીધા.

**કથા આ પ્રમાણે છે** – વનવાસની અવધિ દરમિયાન તરસ્યા પાંડવો એક તળાવ પાસે પાણી પીવા ગયા. એ તળાવનું રક્ષણ એક યક્ષ કરતો હતો. પેલો યક્ષ પાણી પીવા માટે લેવા દેવા પહેલાં, તેના પ્રશ્નોના જવાબ આપવાનું કહેતો. જો કોઈ જવાબ ન આપી શકે તો, તે મૂર્છિત થઈને ઢળી પડે. પાંચેય પાંડવોમાંથી એક પછી એક ચાર પાંડવો, યક્ષના પ્રશ્નનો જવાબ આપ્યા વગર પાણી લેવા આગળ વધ્યા, પણ તેઓ એક પછી એક, મૂર્છિત થઈને ઢળી પડ્યા. છેવટે યુધિષ્ઠિર પહોંચ્યા. યક્ષે તેમને પણ પ્રશ્નો પૂછ્યા. યુધિષ્ઠિરે વિનયપૂર્વક તેમના પ્રશ્નોના જવાબ આપ્યા અને પોતાના ચારેય ભાઈઓને પુનઃ જીવિત કરાવ્યા.



## યક્ષે પૂછેલા પ્રશ્નો અને ધર્મરાજ યુધિષ્ઠિરે આપેલા ઉત્તરો –

પહેલો પ્રશ્ન – સુખી કોણ છે?

ઉત્તર – સુખી એ છે, જે સમાધિમાં સ્થિર છે. જે પરમાત્માની ભક્તિમાં લીન છે, એ જ સહજ સુખ પામી શકે છે.

બીજો પ્રશ્ન – સંસારનું સૌથી મોટું આશ્ચર્ય શું છે?

ઉત્તર – દરરોજ આજુબાજુમાં લોકોનાં મોત જોઈ જોઈને પણ જીવિત લોકો પોતાની જાતને અમર માનતા હોય છે. મૃત્યુથી બચવું શી રીતે? આ જાણવાનો કોઈ જ પ્રયત્ન નથી કરતું. આનાથી વધુ આશ્ચર્યની બાબત શી હોઈ શકે?

ત્રીજો પ્રશ્ન – યથાર્થ માર્ગ કયો છે?

ઉત્તર – મહાપુરુષ અર્થાત્ ભગવાનના અનન્ય ભક્ત જે વિધિ–વિધાનપૂર્વક ચાલે, તે જ યથાર્થ માર્ગ છે.

ચોથો પ્રશ્ન – યથાર્થ વાર્તા કઈ છે?

ઉત્તર – અધ્યાત્મ વાર્તા, જે પરમ તત્ત્વ પરમાત્મા અથવા આત્માનું આધિપત્ય આપાવી દે, અધ્યાત્મ પથ પ્રશસ્ત કરે.

(બાળકો, આ સર્વ યક્ષ–પ્રશ્નો અત્યંત પ્રાચીનકાળથી લઈને આજે પણ નવા જ છે. એ પ્રશ્નો આજેય પણ પ્રવર્તમાન છે, અને હોવા પણ જોઈએ, કારણ કે, તેમાંથી આપણને પ્રેરણા મળે છે.)

યુધિષ્ઠિરના ઉત્તરોથી પ્રસન્ન થઈને યક્ષે તેમના ચાર ભાઈઓમાંથી કોઈ એકને પુનઃ જીવિત કરવાનો પ્રસ્તાવ કર્યો. યુધિષ્ઠિરે કહ્યું, ''મારી બે મા છે. માતા કુંતીનો પુત્ર, હું પોતે તો જીવિત છું. માતા માદ્રીનો એક પુત્ર જીવિત રહેવો જોઈએ. માટે તમે માતા માદ્રીના એક પુત્રને જીવિત કરી દો. તમે ભાઈ નકુલને જીવન આપો.''

યુધિષ્ઠિરની ન્યાયપ્રિયતા જોઈને, યક્ષે બધા જ ભાઈઓને પુનર્જીવન આપ્યું અને યુધિષ્ઠિરની વિનંતિથી પ્રગટ થઈને પોતાનો પરિચય આપ્યો, ''હું તારો પિતા ધર્મ છું. વત્સ, હું એ જોવા આવ્યો હતો કે, તું ધર્મના માર્ગે અચળ છો કે નહીં. તારી ધર્મપરાયણતા જોઈને મને પ્રસન્નતા થઈ છે.''

આજકાલ, પોતાનાં બાળકોને ભણવામાં વ્યસ્ત જોઈને પિતા તેમને માટે ટૉફી લઈ આવે છે. કોઈ મમ્મીના હાથની પૂરીઓ લઈ જાય છે. પરંતુ, આપણા પૂર્વજો તેમનાં સંતાનોની કડક પરીક્ષા લેતા હતા. ધર્મના બળે જ યુધિષ્ઠિરે પોતાના ચારેય ભાઈઓનું વખતોવખત રક્ષણ કરતા રહ્યા હતા.

* * *


## પ્રેરક પ્રસંગ-૫

# ભગવાનના સંરક્ષણમાં બધું જ પ્રાપ્ત થાય છે.

યુદ્ધ ટાળવું શક્ય નહોતું. કૌરવ અને પાંડવ, બંને પક્ષો આગામી યુદ્ધની તૈયારીમાં લાગી ગયા હતા. અર્જુન અને દુર્યોધન, યુદ્ધ પહેલાં શ્રી કૃષ્ણ પાસે મદદ માગવા ગયા. દુર્યોધને પૂછ્યું, ''કેશવ, આ યુદ્ધમાં તમે કોના પક્ષે રહેશો?'' શ્રી કૃષ્ણે કહ્યું, ''હું તો સમદર્શી છું. આ વિશ્વમાં ન મારો કોઈ શત્રુ છે, ન કોઈ મિત્ર. જે મારી પાસે પહેલાં આવશે, હું તેના પક્ષે રહીશ.'

શકુનીએ આ સાંભળ્યું, તો બોલ્યો, ''ભાણીયા, આપણું તો કામ થઈ ગયું. પેલો અર્જુન તો સવારના પહોરમાં ઊઠીને સ્નાન–ધ્યાન કરતો રહેશે. તેને પાઠ–પૂજા કરવા દે. તું તો, રાતોરાત પહોંચી જા. કૃષ્ણને ત્યાં પહેલાં જ પહોંચી જા. જો આપણે કૃષ્ણને ફોડી શકીએ તો, પાંડવો પાસે બચશે શું?'' દુર્યોધન તો ચાલી નીકળ્યો.

ભગવાને જોયું કે પેલો ઉદ્ધંડ આવી રહ્યો હતો. એ છે તો મહામૂર્ખ. જેવો આવશે તેવો જ એ આસપાસ પોતાને બેસવા યોગ્ય સ્થાન શોધશે. પોતાના પલંગના માથાની તરફ એક સોનાનું સિંહાસન મૂકાવીને ભગવાન તો ગાઢ નીંદરમાં પોઢી ગયા. દુર્યોધન પહોંચ્યો તો એણે જોયું કે, તે પહેલો જ પહોંચી ગયો હતો. કમર પર હાથ રાખીને થોડી વાર ઊભો રહ્યો. પછી બેસવા માટે આમતેમ નજર દોડાવી, ને તેની નજર સિંહાસન પર ગઈ. તેણે વિચાર્યું, 'વાહ, મારે માટે આવું સરસ સિંહાસન કૃષ્ણે રખાવ્યું છે. ચાલો, ગમે તેમ હોય, પણ છે તો એ યદુવંશી. મહેમાનની આગતા–સ્વાગતા કઈ રીતે કરવી, એટલું તો એ જાણે જ છે. એ અકડાઈપૂર્વક સિંહાસને જઈ બેઠો.



થોડી વાર પછી અર્જુન પણ પહોંચ્યો. એને પહેલાં કે પછી પહોંચવાની ફિકર નહોતી. એણે ભગવાનના ચરણોમાં ઝૂકીને સાદર પ્રણામ કર્યા અને તેમના પગ પાસે જ ભોંય પર બેસી ગયો. એ પ્રભુના જાગવાની પ્રતિક્ષા કરતો, તેમના ચહેરા સામે હાથ જોડીને તાકતો રહ્યો.

થોડા સમય પછી, ભગવાને આંખો ખોલી તો તેમની નજર અર્જુન પર પડી. પ્રભુ બોલ્યા, ''અર્જુન, ક્યારે આવ્યો?'' અર્જુન કંઈ કહે તે પહેલાં જ દુર્યોધન બોલી પડ્યો, ''પહેલાં તો હું આવ્યો છું.'' ભગવાને વળીને તેની તરફ જોઈને કહ્યું, ''ભાઈ, શક્ય છે કે, તું પહેલાં આવ્યો હોય, પણ મારી દૃષ્ટિ અર્જુન પર પહેલાં પડી છે. આગમન ત્યારે માનવામાં આવે, જ્યારે કોઈની સાથે આપણે સામસામે થઈએ. પાછળની તરફ કોણ બેઠું હોય, શું પડ્યું હોય તેનો ક્યાંથી ખ્યાલ આવે?'' દુર્યોધન મુંઝાયો; 'આમાં તેમની કોઈ ચાલ તો નહીં હોય ને! શ્રી કૃષ્ણનો આશય શું હશે?'

ભગવાને કહ્યું, ''દુર્યોધન, મુંઝાતો નહીં. મારી પાસે બે વિકલ્પો છે. એક, તો યદુવંશીઓની નારાયણી સેના અને બીજી તરફ હું એકલો, પરંતુ હું યુદ્ધ નહીં કરું, શસ્ત્ર નહીં ઉપાડું. તમે બંને કોઈપણ એક-એક વિકલ્પ પસંદ કરી લો.'' દુર્યોધને કહ્યું, ''કેશવ, હું પહેલો આવ્યો હતો, માટે માગવાનો અધિકાર પણ મને જ પહેલાં મળવો જોઈએ.'' શ્રી કૃષ્ણે કહ્યું, ''ઠીક છે. તું મને જ માગી લે.'' દુર્યોધન મનોમન ધૂંધવાયો. 'ફરી મારી સાથે લુચ્ચાઈ. જ્યારે હથિયારો ઉપાડવા નથી, યુદ્ધ કરવું નથી, તો પછી શું મારે આની પાસે વાંસળી વગડાવીને તા... તા... થૈયા કરાવવાના છે!' પછી તેણે વિચારીને કહ્યું, ''મને તમારી નારાયણી સેના આપો.'' શ્રી કૃષ્ણે કહ્યું, ''એવમસ્તુ!'' દુર્યોધન વિશાળ નારાયણી સૈન્યની વચ્ચે હર્ષોન્મત્ત થતો ઊભો ઊભો વિચારવા લાગ્યો, 'લો, જીત તો મળી ગઈ. અર્જુન અને કૃષ્ણ પાસે હવે શું છે? હવે એ ભલે વગાડતો રહે વાંસળી ને દીધે રાખે ઉપદેશ!' એ મનોમન ખુશ થતો થતો ત્યાંથી વિદાય થયો.

આમતેમ ફરીને શ્રી કૃષ્ણે અર્જુનને પૂછ્યું, ''અર્જુન, હવે તારું શું કરવું?'' અર્જુન બોલ્યો, ''ભગવાન, જો મને તમે પહેલાં માગવાનો મોકો આપ્યો હોત તો પણ, હું તો તમને જ માગત. હે ગોવિંદ, તમારો આશીર્વાદ આપતો હાથ મારા મસ્તક પર રહે, તે જ હું ઈચ્છું છું. તમે જે રીતે કહેશો, હું તે રીતે જ યુદ્ધ કરતો રહીશ. મને નારાયણી સેના નથી જોઈતી. મને તો બસ તમારી જ જરૂર છે.''

મહાભારતનું યુદ્ધ શરૂ થયાના અઢારમા દિવસે નારાયણી સેનાનું નામનિશાન મટી ગયું હતું. અગિયાર અક્ષૌહિણી સૈન્યનો સેનાપતિ, દુર્યોધન રણમેદાનમાં અસહાય અને એકલો પડ્યો હતો. તેની જાંઘ તૂટી ગઈ હતી. તેનાં આંતરડાઓ ખેંચવા માટે ગીધ પક્ષીઓ અને શિયાળવાં તેની ચોતરફ ભમી રહ્યાં હતાં. આખોય જન્મારો સાચું-ખોટું, છળ-કપટ અને કાવા-દાવા કરીને, મામા શકુનીની રાજનીતિથે તેણે જેટલો સંગ્રહ કર્યો હતો, તે સર્વ કંઈ પાંડવોને વિના પ્રયાસે જ મળી ગયું હતું.

આમ, કદાચ ભગવાન પાસેથી માગવાનો મોકો મળે ત્યારે, કોઈ વસ્તુ ન માગતા, સુખ-સમૃદ્ધિ કે વૈભવની માગણી ન કરતા, પણ ભગવાનને જ માગી લેજો. જ્યાં ભગવાન રહે ત્યાં જ દિવ્યતા રહે છે. ભગવાન તો અવિનાશી છે, માટે જ અવિનાશી પદ પણ રહે છે. તેઓ સર્વજ્ઞ છે, માટે જ સર્વજ્ઞતા પણ બની રહે છે. જ્યારે ભગવાન આપણને અપનાવે ત્યારે, પોતાની દિવ્યતા પણ આપણને આપે છે.

* * *



ॐ

# 'યથાર્થ ગીતા'ના પ્રણેતા

## સદ્‌ગુરુ સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ

''યથાર્થ ગીતા''ના પ્રેરક, શ્રી અડગડાનંદજી મહારાજ અધ્યાત્મનિષ્ઠ મહાપુરુષ છે. તેઓશ્રી કોઈ શૈક્ષણિક યોગ્યતા તો નથી ધરાવતા, તેમના સદ્‌ગુરુના શુભ આશીર્વાદ મેળવીને અધ્યાત્મ ક્ષેત્રે પૂર્ણજ્ઞાન પામીને તેઓશ્રી પ્રત્યેક માનવના કલ્યાણ માટે કાર્યરત, એટલે કે, **'સર્વભૂતહિતે રતઃ'** છે. લેખનકાર્યને તેઓશ્રી પ્રભુભજન અને સાધનામાં એક પ્રકારનો વિક્ષેપ માનતા આવ્યા છે, પરંતુ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની વ્યાખ્યા, 'યથાર્થ ગીતા'ના ઉદ્‌ભવ પાછળ ભગવાનની જ પ્રેરણા કામ કરી ગઈ.

ભગવાને પોતે જ તેમને તેમની અનુભૂતિમાં જણાવ્યું કે, તમારી સર્વ વૃત્તિઓ હવે શાંત થઈ ગઈ છે; કેવળ એક જ કાર્ય હવે કરવાનું બાકી રહી જાય છે, અને તે ગીતા–જ્ઞાનને ફરીથી પ્રકાશિત કરવાનું કામ! પહેલાં તો તેમણે આ દૈવી ઈચ્છાને ટાળીને ભજનમાં ચિત્ત પરોવવાનો પ્રયાસ કર્યો, પણ પછી ઈશ્વરના આદેશ આગળ નમતું જોખીને તેમણે 'યથાર્થ ગીતા'ની રચના કરી.

'યથાર્થ ગીતા'ને તૈયાર કરતી વખતે, જ્યાં કોઈ ભૂલચૂક અથવા ક્ષતિ રહી જતી, તો તેનું નિરાકરણ પણ ઈશ્વરની પ્રેરણાથી થઈ જતું હતું. પૂજ્યશ્રીની **'स्वान्तः सखाय'** એટલે કે, અંતતઃ પોતાના સુખનું કાર્ય હવે **'सर्वान्तः सखाय'** એટલે કે, સહુના સુખનું કારણ બની ગયું છે. આ ન કેવળ સમગ્ર ભારત માટે જ નહીં, જગતની પ્રત્યેક વ્યક્તિના આત્માના કલ્યાણમાં વ્યસ્ત છે, જોડાયેલી છે.

''યથાર્થ ગીતા''ના દિવ્ય પ્રકાશમાં તમે સૌ પણ દૈદિપ્યમાન બનો, તેવી જ અભ્યર્થના છે!

* * *

# 'યથાર્થગીતા'માંથી

## કર્મ

'કર્મને સમજવું, એ જ ગીતાને સમજવાની ચાવી છે'

સમગ્ર ગીતામાં શ્રી કૃષ્ણે કર્મને માટે, નિયત કર્મ, તદર્થ કર્મ, કાર્યમ્ કર્મ, યજ્ઞાર્થ કર્મ, કર્તવ્ય કર્મ, પુણ્ય કર્મ વગેરે જેવા શબ્દો વાપર્યા છે. જેનો શુદ્ધ અર્થ થાય છે, આરાધના ક્રિયા.

### ।। श्री भगवानवाच ।।

**नियतं करु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः।**
**शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः।।** (ગીતા, ૩/૮)

અર્જુન, તું નિયત કર્મ અથાત્ નિર્ધારિત કરવામાં આવેલું કાર્ય અથવા કર્મ કર. આમ તો કર્મો અનેક છે, પણ તે સર્વમાંથી કોઈ એકની પસંદગી કરી છે તે જ નિયત કર્મ છે. એના થકી જ તારી શરીર-યાત્રા પણ પૂર્ણ થશે. અર્થાત્ શરીર-ત્યાગ અને શરીરને પુનઃ ધારણ કરતા રહેવાના ક્રમનો પણ અંત આવી જશે. પરમાત્મ-ધામમાં નિવાસ મળી જશે.

યોગેશ્વર શ્રી કૃષ્ણ આગલા શ્લોકમાં જણાવે છે કે, એ નિર્ધારિત કર્મ શું છે?

**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः।** (ગીતા, ૩/૯)

એ નિર્ધારિત કર્મ છે, 'યજ્ઞ', એટલે કે, યજ્ઞને ક્રિયાન્વિત કરવાનું કામ જ 'કર્મ' છે. આ યજ્ઞ-કર્મ સિવાય, અન્ય જે કંઈપણ કરવામાં આવે તે, સાંસારિક બંધન જ છે. કર્મનો શુદ્ધ અર્થ છે - આરાધના અથવા ચિંતન. ગીતા અનુસાર, એક પરમાત્મા અથવા ઈષ્ટની નિયત વિધિથી ધ્યાન-પૂજન-ભજન!

'કર્મ' અને 'યજ્ઞ'ની સંપૂર્ણ જાણકારીને માટે વાંચો - 'યથાર્થ ગીતા', અધ્યાય ૩ અને ૪.

---

## યજ્ઞ

**આરાધના, ચિંતનની વિધિ-વિશેષનું નામ યજ્ઞ છે**

ભગવાન શ્રી કૃષ્ણે 'ગીતા'ના અધ્યાય ચારમાં, તેર-ચૌદ પ્રકારે થનારા યજ્ઞોનું વર્ણન આપવામાં આવ્યું છે. બધા સાથે મળીને, પરમાત્માની દિવ્ય સૃષ્ટિમાં પ્રવેશ સુલભ બનાવે છે. આ સર્વ યજ્ઞ, શ્વાસ દ્વારા, ધ્યાન દ્વારા, ભજન-ચિંતન દ્વારા અને ઈન્દ્રિયોના સંયમ મારફત જ સિદ્ધ થઈ શકે છે.

- યજ્ઞની પૂર્ણતા થતાં જ પરમાત્માનું દર્શન અને તેને પામવાનું શક્ય બને છે.
- આ નિર્ધારિત કર્મને કાર્યનું રૂપ આપવું, એ જ કર્મ છે.
- કર્મનો શુદ્ધ અર્થ છે, 'આરાધના'.

---

## વર્ણ

'વર્ણ' એક યોગિક શબ્દ છે, આદિ શાસ્ત્ર ગીતાનો શબ્દ છે, સાધનાની શ્રેણીનો સૂચક છે. સમયાંતરે, સામાજિક વ્યવસ્થાપકોએ વર્ણના નામે ભારતમાં ચાર જાતીઓમાં લોકોને વિભાજિત કરી નાખ્યા, અને તેની સત્યતા પણ ગીતાના માધ્યમથી કરે છે, જે પૂર્ણપણે ભ્રામક છે, ખોટી છે. તો આવો, વર્ણ શું છે, તે આપણે સમજી લઈએ.

**चातर्वर्ण्यं मया सृष्टं गणकर्मविभागशः।** (ગીતા, ૪/૧૩)

અર્જુન, મેં ચાર વર્ણોની વ્યવસ્થા કરી છે. પરંતુ, તે માણસોની વચ્ચે નહીં, પણ તેમના ગુણો અને યોગ્યતાના આધારે નિયત કર્મ – આરાધનાના ચાર વર્ણો, શ્રેણીઓ અથવા સોપાનોમાં વહેંચણી કરી છે – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર! આ વર્ણો, હકીકતમાં, એક જ સાધકની આધ્યાત્મિકતાનાં ઊંચાં–નીચાં સોપાનો છે, સ્થિતિઓ છે. એક જ સાધક, શૂદ્ર શ્રેણીથી આધ્યાત્મિક ઉન્નતિ સાધતો સાધતો, વૈશ્ય, પછી ક્ષત્રિય અને તે પછી બ્રાહ્મણ શ્રેણી પામે છે. એનાથી વધુ ઉપર જતાં એ બ્રાહ્મણ પણ નથી રહેતો. બસ, પરમાત્મા જ બાકી રહી જાય છે.

આથી, વિદ્યાર્થી મિત્રો, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, વર્તમાન સામાજિક જાતિ–વ્યવસ્થાની ખીણને ઘટાડતાં જતાં તમારા સહુ સહાધ્યાયીઓ તથા મિત્રોની સાથે સમાન વ્યવહાર કરશો, અને સમરસ સમાજ સુસ્થ ।પિત કરશો.

* * *

## 'યથાર્થ ગીતા' માંથી

એ સર્વ સમર્થ, સદાય રહેનાર પરમાત્મા માનવના હૃદયમાં સ્થિત છે. સંપૂર્ણ ભાવોથી તેમના શરણે જવાનું વિધાન છે, જેથી શાશ્વત ધામ, સદાય રહેનારી શાંતિ અને અનંત જીવન પામી શકાય છે.

વર્ગ ૧થી ૧૦ સુધીના બધા વિદ્યાર્થીઓ, જેમણે બાળ–ગીતાનું અધ્યયન કર્યું છે, તેમનામાં સંપૂર્ણ ગીતા જાણવાની ઉત્કંઠા અને સમજવાની ક્ષમતા હોય છે.

વિશ્વબંધુત્વ, શાંતિ અને સમૃદ્ધિને માટે, ધોરણ ૧૧–૧૨ તથા ઉપરનાં વર્ગોમાં શ્રીમદ્‌ભગવદ્ ભાષ્ય 'યથાર્થ ગીતા'નું અનુપાલન કરવું અતિ લાભદાયી છે.

।। सर्वभूतहिते रतः ।।

।। योगक्षेमं वहाम्यहम् ।।




ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः।। गीता, ४/११

હે પાર્થ, જે મને જેટલી લગનીથી જેવું ભજે છે, હું પણ તેમને તેટલું જ ભજું છું. એ મહાપુરુષ રથી બનીને ઊભા થઈ જાય છે, અને માર્ગદર્શન આપવા માંડે છે. જ તેમનું ભજન છે. આ રહસ્યને જાણીને બુદ્ધિમાનો, શ્રદ્ધાળુઓ સંપૂર્ણ ભાવથી, પૂર્ણ સમર્પણની ભાવનાથી મારા દર્શાવેલા માર્ગ પર ચાલે છે.

**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

ન્યૂ એપોલો સ્ટે, ગાળા નં. ૫, મોગરા લેન (રેલવે સબવે પાસે),
અંધેરી (પૂર્વ), ભારત– ૪૦૦ ૦૬૯ ફોનઃ ૦૨૨ – ૨૮૨૫૫૩૦૦
ઈમેલ - contact@yatharthgeeta.com। વેબસાઇટ - www.yatharthgeeta.com